જૈન શિક્ષાવલી

લેખક:

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

શ્રેણી પહેલી

૮

તપની મહત્તા

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

જૈન શિક્ષાવલી

પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઇષ્ટદેવની ઉપાસના
૪ સદ્ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂા. ૬-૦૦. પોસ્ટેજ ૧-૦૦ અલગ. માત્ર ગણતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો તથા હવે પછી પ્રગટ થનારી બીજી શ્રેણીના ગ્રાહક બનો.

નોંધ:-બારમા નિબંધને છેડે આખી શ્રેણીનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારો કરી પુસ્તકોનો ઉપયોગ કરવા વિનંતિ છે.

જૈન શિક્ષાવલી : પુષ્પ આઠમું

તપની મહત્તા

★

લેખક :
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

★

પ્રકાશક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
મુંબઈ-૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઈ-૯.

પહેલી વાર ૨૦૦૦
સં. ૨૦૧૫, સને ૧૯૫૯
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-
મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

પ્રકાશકનું નિવેદન

જૈન મહર્ષિઓએ જીવનની સુધારણા માટે જે તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું છે તથા જે આચારની પ્રરૂપણા કરી છે, તે સહુ સરલતાથી સમજી શકે તે માટે **જૈન શિક્ષાવલી**ની યોજના હાથ ધરવામાં આવી છે. હાલ તેમાં બાર પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે, પરંતુ સંયોગો વધારે સાનુકૂળ દેખાશે તો તેમાં બીજાં પુસ્તકો પણ પ્રકટ કરવામાં આવશે.

આ પુસ્તકો દીર્ઘ ચિંતન-મનનનાં પરિણામે સુંદર શૈલિમાં લખાયેલાં છે. એટલે તે સહુને પસંદ પડશે એમાં શંકા નથી.

જૈન શિક્ષાવલીની યોજના સાકાર બની તેમાં અનેક મુનિરાજો, સંસ્થાઓ અને ગૃહસ્થોનો સહકાર નિમિત્તભૂત છે. ખાસ કરીને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી, તેમનાં વિદ્વાન્ શિષ્યરત્ન મુનિરાજશ્રી કીર્તિવિજયજી, પ. પૂ. આ. મહારાજશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીનાં શિષ્યરત્નો પૂ. પં. મહારાજ શ્રીભદ્રંકરવિજયજી, પૂ. મુ. શ્રી ભાનુવિજયજી, તથા પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી તેમજ પ. પૂ. આ. મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી, તેમનાં શિષ્યરત્ન મુ. શ્રી રૈવતવિજયજી અને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીનાં વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી ધુરંધરવિજયજી તથા પ. પૂ. આ. મહારાજશ્રી વિજયધર્મસૂરિજીનાં શિષ્યરત્ન મુનિશ્રી યશોવિજયજી વગેરેએ આ યોજનાને સત્કારી તેને વેગ આપવામાં કિંમતી સહાય આપી છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ. ઉપરાંત શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ ચતુરભાઈ નગીનદાસ (બેલગામવાળા), શ્રીમાન બી. કે. શાહ, યોગી શ્રી ઉમેશચંદ્રજી, શ્રી નાગકુમાર મકાતી તથા જૈનધાર્મિક શિક્ષણસંઘ-મુંબઈના કાર્યવાહકો શ્રી પ્રાણજીવન હ. ગાંધી વગેરેએ આ કાર્યમાં સહકાર આપી અમને ઉત્સાહિત કર્યા છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ. આ પુસ્તકોમાં વિજ્ઞાપન આપનાર દરેક સંસ્થાઓના પણ અમે આભારી છીએ.

પ્રકાશક.

વિષયાનુક્રમ

૧. ધર્માચરણમાં તપની આવશ્યક્તા
૨. તપની મંગલમયતા
૩. તપનો પ્રભાવ
૪. નંદિષેણની કથા
૫. તપથી પ્રાપ્ત થતી અનેક પ્રકારની લબ્ધિઓ
૬. અષ્ટ મહાસિદ્ધિ પણ તપને આધીન છે.
૭. નવનિધિ પણ તપથી જ પ્રકટે છે.
૮. તપથી શ્રુતજ્ઞાનની આરાધનામાં ઘણી સહાય મળે છે.
૯. તપથી સર્વ કર્મનો નાશ થાય છે.
૧૦. જૈન ધર્મમાં તપને અપાયેલું મહત્ત્વનું સ્થાન
૧૧. ગૃહસ્થો માટે તપનું વિધાન
૧૨. સાધુઓ માટે તપનું વિધાન
૧૩. તપ કોને કહેવાય ?
૧૪. તપના પ્રકારો
૧૫. તપ કેવી રીતે કરવું ?

॥ ॐ ह्रीं अर्हं नमः ॥

તપની મહત્તા

—— * ——

૧—ધર્માચરણમાં તપની આવશ્યકતા

અહિંસા એ ધર્મમંદિરનો પાયો છે, સંયમ એ ધર્મ-મંદિરની દિવાલો છે અને તપ એ ધર્મમંદિરનું શિખર છે. બીજા શબ્દોમાં કહીએ તો અહિંસાથી ધર્માચરણની શરૂઆત થાય છે, સંયમથી ધર્માચરણ આગળ વધે છે અને તપથી ધર્માચરણ પૂર્ણ થાય છે.

દંતૂશળ વગરનો હાથી, ઝડપ વગરનો ઘોડો, ચંદ્ર વગરની રાત્રિ, સુગંધી વગરનું પુષ્પ, જલ વગરનું સરોવર, છાયા વગરનું વૃક્ષ, લાવણ્ય વગરનું રૂપ અને ગુણ વગરનો પુત્ર જેમ શોભાને પામતા નથી, તેમ તપ વગરનો ધર્મ શોભાને પામતો નથી. અથવા મંત્રીવિહીન રાજ્ય, શસ્ત્ર-વિહીન સૈન્ય, નેત્રવિહીન મુખ, વરસાદવિહીન ચોમાસું, ઉદારતાવિહીન ધનિક, ઘૃતવિહીન ભોજન, શીલવિહીન સ્ત્રી અને સહૃદયતાવિહીન મિત્ર જેમ પ્રશંસાને પામતા નથી, તેમ તપવિહીન ધર્મ પણ પ્રશંસાને પામતો નથી.

સોનાની પરીક્ષા નિઘર્ષણ, છેદન, તાપ અને તાડન એ ચાર ક્રિયાઓ વડે થાય છે, તેમ ધર્મની પરીક્ષા શ્રુત,

શીલ, તપ અને દયાદિ ગુણો વડે થાય છે. થોડાં વિવેચનથી આ વસ્તુ વધારે સ્પષ્ટ થશે.

સોનાને પ્રથમ કસોટીના પત્થર પર કસીને જોવામાં આવે છે કે તે કેટલા કસમાં છે? જો તેમાં ઠીક જણાય તો તેને છીણીથી કાપીને જોવામાં આવે છે કે તે અંદરથી કેવું છે? જો કોઇપણ ક્રિયા વડે ઉપર સોનું ચડાવ્યું હોય અને અંદર પિત્તળ કે એવી જ કોઈ હલકી ધાતુ રાખી હોય તો આ પરીક્ષા વડે પકડાઈ જાય છે. આ પરીક્ષામાં તે ઠીક જણાય તો તેને તપાવીને જોવામાં આવે છે કે તેનો રંગ તો બદલાઈ જતો નથી? જો સોનું કૃત્રિમ હોય તો તપાવવાથી તેનો રંગ ઘણા ભાગે બદલાઈ જાય છે. જો આ પરીક્ષામાં પણ તે ઠીક જણાય તો તેને ટીપીને જોવામાં આવે છે કે તેની ચીકાશ કેવી છે? કેટલાંક બનાવટી સોનામાં ચીકાશ એટલે ઘનતા હોતી નથી. આ છેલ્લી પરીક્ષામાં પણ તે પસાર થાય તો તેને સાચું માનીને ગ્રહણ કરવામાં આવે છે.

વિદ્વાનો ધર્મની પરીક્ષા આવી રીતે જ કરે છે. પ્રથમ તેઓ પરીક્ષ્ય ધર્મનું શ્રુત જુએ છે, એટલે તેનાં શાસ્ત્રો તપાસે છે કે તે કેટલાં પ્રામાણિક છે? કેટલાં સંવાદવાળા છે? કોનાં રચેલાં છે? વગેરે. જો એ શાસ્ત્રો સર્વજ્ઞ મહાપુરુષોનાં રચેલાં હોય તો તેનાં પ્રામાણિકપણા માટે કે સંવાદીપણા માટે કોઈ શંકા રહેતી નથી. અન્યથા તેમાં અનેક દોષો નજરે પડે છે અને તેથી એ ધર્મને વિશ્વસનીય માનતા નથી.

પછી તેઓ પરીક્ષ્ય ધર્મની શીલવિષયક પ્રરૂપણા જુએ છે. તેમાં સંયમ અને સદાચાર યથાસ્થાને ગોઠવાયેલ હોય તો તેની પ્રશંસા કરે છે, અન્યથા તેને નિકૃષ્ટ સમજી નવ ગજના નમસ્કાર કરે છે. ધર્મનાં નામે મદ્યપાન કરવું, પશુઓનું બલિદાન દેવું, માંસ–મત્સ્યનું ભક્ષણ કરવું અને પરસ્ત્રી સાથે ગમન કરવું એને કયો સુજ્ઞ પુરુષ સત્કારી શકે ?

પછી તેઓ તપ ઉપર આવે છે. જો પરીક્ષ્ય ધર્મમાં તપ ઉપર ભાર મૂકાયેલો હોય તો તેને ઉત્તમ માને છે, અન્યથા સત્ત્વરહિત ગણી ઉપહાસ કરે છે. આ રહ્યું તેનું એક યાદ રાખવા લાયક ઉદાહરણ :

> मृद्वी शय्या प्रातरुत्थाय पेया,
> मध्ये भक्तं पानकं चापराह्ने ।
>
> द्राक्षाखण्डं शर्करा चार्धरात्रे,
> मुक्तिश्चान्ते शाक्यपुत्रेण दृष्टा ॥

બૌદ્ધ શ્રમણોની જીવનચર્યા જોઈને એક વિદ્વાન કહે છે : 'કોમળ શય્યામાં શયન કરવું, ઉઠીને પ્રાતઃકાલમાં મસાલેદાર રાબડી પીવી, મધ્યાહ્નકાલે પૂરું ભોજન કરવું, સાયંકાળે મદિરા વગેરેનું પાન કરવું અને મધ્યરાત્રે દ્રાક્ષ અને સાકર વાપરવી, આવાં જીવનથી ગૌતમબુદ્ધે મુક્તિ જોઈ હતી !'

કહેવાનું તાત્પર્ય એ છે કે જે શ્રમણ એટલે તપસ્વી હોય તેણે કાષ્ઠનાં ફલક કે ઘાસ વગેરેનાં સંથારા પર

સૂવું જોઈએ, નહિ કે સુંવાળી રેશમી તળાઈઓ પર! તેણે પ્રાતઃકાળમાં ઉઠીને ઈશ્વરનું ધ્યાન ધરવું જોઈએ કે અન્ય યોગક્રિયાઓ કરવી જોઈએ, નહિ કે ખાનપાનનો વ્યવહાર. મધ્યાહ્નકાળે તેણે ભિક્ષાથી માગી લાવેલા આહારપાણીથી ઉદરતૃપ્તિ કરવી જોઈએ, તે પણ પેટને ભાડું આપવાના ઉદ્દેશથી, નહિ કે સ્વાદ માણવા માટે. વળી જેણે સંયમની સાધના સ્વીકારી હોય તેનાથી મદિરાને સ્પર્શ કેમ થાય? મદિરાપાન એક ગૃહસ્થને પણ શોભતું નથી, તો સંયમી પુરુષને કેમ શોભે? તે જ રીતે રાત્રિ પડતાં પક્ષીઓ પણ ચણવાનું બંધ કરી દે છે, તો નિર્વાણની સાધના કરવા બહાર પડેલા સાધુપુરુષે રાત્રિના સમયે પોતાનું મોઢું શી રીતે ખોલાય? તેમાં યે દ્રાક્ષ અને સાકર જેવા સ્વાદુ પદાર્થનો ઉપયોગ કરવો એ ઇંદ્રિયજયનો નહિ, પણ ઇંદ્રિયોને બહેકાવવાનો જ રસ્તો છે. આમ છતાં બુદ્ધ ભગવાને આવાં જીવનથી મુક્તિ જોઈએ એમનાં જ્ઞાનની બલિહારી છે!

છેવટે તેઓ દયાદિ ગુણો પર આવે છે. જો તેમાં દયા, દાન, પરોપકાર વગેરે ગુણોની જોરદાર હિમાયત કરવામાં આવી હોય તો તેનો શ્રેષ્ઠ સમજીને સ્વીકાર કરે છે, અન્યથા તેનો ઉતરી ગયેલાં ફૂળની માફક ત્યાગ કરે છે.

આ પરથી ધર્માચરણમાં તપની કેટલી આવશ્યક્તા છે, તે બરાબર સમજી શકાશે.

૨—તપની મંગલમયતા

જેનાથી વિઘ્નનો વિનાશ થાય અને કલ્યાણની પ્રાપ્તિ

થાય તે મંગલ કહેવાય છે. આ મંગલ બે પ્રકારનું હોય છેઃ એક તો સંસારવ્યવહારમાં આવતી મુશ્કેલીઓને મટાડી ભૌતિક કલ્યાણ કરનારું અને બીજું આત્મવિકાસમાં બાધક એવા અપ્રશસ્ત ભાવોને દૂર કરી પરમાનંદની પ્રાપ્તિ કરાવનારું. આમાંનાં પ્રથમ મંગલને દ્રવ્યમંગલ કહેવામાં આવે છે અને બીજા મંગલને ભાવમંગલ કહેવામાં આવે છે. તપમાં આ બંને મંગલની શક્તિ રહેલી છે, એટલે તે સર્વશ્રેષ્ઠ મંગલ ગણાય છે.

તપથી વિઘ્નની પરંપરા દૂર થવાનાં અનેક દૃષ્ટાંતો ઇતિહાસના ચોપડે ચડેલાં છે અને અમે પોતે પણ તેનો અનુભવ કરેલો છે. તે અનુભવ અહીં ટૂંકમાં રજૂ કરીએ તો અનુચિત નહિ ગણાય.

મુખ્યત્વે જૈન સાહિત્યનાં પ્રકાશન–પ્રચાર માટે અમે અમદાવાદ ખાતે નિર્માણ કરેલું જ્યોતિ કાર્યાલય લીમીટેડ તેના અતિ વિસ્તારને લીધે તથા પૂરતા ઉત્તેજનના અભાવે આર્થિક ભીંસમાં આવ્યું. તેને બચાવવા માટે અમે તનતોડ પ્રયાસો કર્યા, પણ તે બચી શકયું નહિ. પરિણામે તે બંધ પડયું (સને ૧૯૪૦ ના માર્ચ), ત્યારે અમારાં સર્વ સાધનો ખૂટી ગયાં હતાં અને માથે મોટી રકમનું દેવું આવી પડયું હતું. આ સ્થિતિમાં કુટુંબનો નિર્વાહ કેમ કરવો ? એ પણ એક સમસ્યા હતી. પરંતુ લગભગ વગર મૂડીએ થઈ શકે એવો વૈદકનો ધંધો શરૂ કરીને તેનો અમે તોડ કાઢયો અને થોડા વખત પછી રીતસરનું દવાખાનું ચલાવવા માંડયું. પુરુષાર્થીને કશું અલભ્ય નથી,

એ સૂત્રમાં અમારી પૂર્ણ શ્રદ્ધા હતી, એટલે આ પરિસ્થિતિ સુધારી લેવા માટે વિવિધ પ્રયાસો ચાલુ હતા.

એ પ્રયાસના પરિણામે એક મોટી યોજના ઘડાઈ અને તે અમલમાં આવી હોત તો જરૂર એક જ ધડાકે અમારી સર્વ મુશ્કેલીઓ દૂર થઈ હોત, પણ છેલ્લી ઘડીએ એ યોજના તૂટી પડી. ત્યાર પછી થોડા વખતે બીજી યોજના ઘડી, પરંતુ તેના પણ એ જ હાલ થયા. ત્યાર બાદ ત્રીજી યોજના તૈયાર કરી તેને આગળ ધપાવવાનો પ્રયાસ કર્યો, પણ તેનો યે પ્રારંભ થવા પામ્યો નહિ. ચોથી-પાંચમી યોજના પણ આ રીતે જ નિષ્ફળ ગઈ. ત્યારે અમને લાગ્યું કે જરૂર આમાં કર્મજન્ય કે પ્રાયોગિક અંતરાય નડી રહ્યો છે. અમારી સામે થોડા વખત પહેલાં એક મંત્રપ્રયોગ થયો હતો, તે અમે જાણતા હતા, પણ જેને પ્રભુ પાર્શ્વનાથ તથા માતા પદ્માવતીજીનું શરણ છે, તેને કંઈ થાય નહિ, એ બાબતમાં અમારો દૃઢ વિશ્વાસ હતો, એટલે અમે તેની દરકાર કરી ન હતી. આખરે અમે એવા નિર્ણય પર આવ્યા કે ગમે તે કારણે લાભમાં અંતરાય થાય છે, માટે અંતરાયને તોડવાનો પ્રયત્ન કરવો. પછી અમે અંતરાયકર્મની પૂજા ભણાવી એક વર્ષ સુધી પાંચપર્વી ઉપવાસ કરવાનો અભિગ્રહ કર્યો. અમારાં સુશીલ ધર્મપત્ની અ. સૌ. ચંપા આ કાર્યમાં સાથે જોડાયાં.

ઉપવાસના દિવસે પણ અમે રાબેતા મુજબનું કાર્ય

કરતા હતા, પણ તેથી કોઇ હરકત આવતી નહિ, એટલે ઉપવાસ નિર્વિઘ્ન ચાલુ રહ્યા.

અઠ્ઠાવીસમા ઉપવાસે રાત્રે સ્વપ્ન આવ્યું, તેમાં શ્વેતવસ્ત્રધારી અને શ્વેત દાઢીવાળા એક મહાપુરુષનાં દર્શન થયાં. તેમનો ચહેરો આજે પણ અમારા સ્મૃતિપટ પર તરવરી રહ્યો છે. તેમણે અમને સીધો પ્રશ્ન કર્યો કે 'દૈવીશક્તિ (Supernatural power)માં તારો વિશ્વાસ છે ?' અમે કહ્યું: 'એ શક્તિ વિષે ઘણું ઘણું સાંભળ્યું છે, પણ અનુભવ થયો નથી, એટલે વિશ્વાસ તો એવો જ ગણાય.' ત્યારે તેમણે કહ્યું: 'એ વિશ્વાસ શી રીતે બેસે ?' અમે કહ્યું: 'કોઈ વસ્તુ એવી કહો કે જે મનુષ્ય કલ્પી શકે નહિ.' તેજ વખતે એ મહાપુરુષે એક બોર્ડ તરફ ધ્યાન ખેંચ્યું અને એમાં શું લખ્યું છે ? તે બરાબર ધ્યાનમાં રાખવાનું સૂચન કર્યું. એ વસ્તુ અમારાં ધ્યાનમાં બરાબર રહી ગઈ. પછી તેઓ અદૃશ્ય થયા અને સ્વપ્ન પણ અદૃશ્ય થયું.

અમે અમારી અત્યંત અજાયબી વચ્ચે જોયું કે તે મહાપુરુષે બોર્ડ પર જે કંઈ બતાવ્યું હતું, તે સાવ સાચું નીવડયું હતું. આથી દૈવીશકિત ઉપર અમારો વિશ્વાસ બેઠો. ફરી ત્રીશમા ઉપવાસની રાત્રિએ સ્વપ્ન આવ્યું અને તેજ મહાપુરુષનાં દર્શન થયાં. તેઓ અમને પૂછવા લાગ્યા કે 'કેમ વિશ્વાસ બેઠો ?' અમે કહ્યું, 'હા. વિશ્વાસ બેઠો, પણ કંઇક લાભ થાય એવું બતાવો.' તેમણે કહ્યું: 'હાલ વિશેષ લાભ થવાનો યોગ નથી, પણ હું જે કંઈ કહું છું,

તેથી અમુક લાભ થશે.' પછી તે મંગલમૂર્તિ એટલું કહીને અદૃશ્ય થઈ કે જ્યારે પણ સંકટ આવે ત્યારે મારું ધ્યાન ધરજે, તને હું સહાય કરીશ. અને તેમણે આવાહન કરવાનો એક મંત્ર આપ્યો. પછી તે મહાપુરુષે જે કહ્યું હતું, તે પ્રમાણે કરવાથી અમુક લાભ જરૂર થયો.

તે દિવસથી અમારાં માનસિક વલણમાં મોટો ફેરફાર થયો અને આધ્યાત્મિક વિદ્યા પર વિશ્વાસ જામ્યો. પરિણામે અમે ધર્મશાસ્ત્ર, યોગશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર, તંત્રશાસ્ત્ર, માનસશાસ્ત્ર તથા નૂતન વિજ્ઞાન વગેરેનું વાચન ખૂબ વધારી દીધું અને એ વિષયના કોઈ પણ જાણકાર મળે કે તેનો પરિચય સાધવો શરૂ કર્યો. આ પ્રવૃત્તિ આજ સુધી ઓછાવત્તા અંશે ચાલુ રહી છે. અહીં એટલી નોંધ કરવી ઉચિત ગણાશે કે ઉક્ત મહાપુરુષનું બે વાર સંકટસમયમાં ધ્યાન ધર્યું હતું અને બન્ને વાર ન કલ્પી શકીએ તેવી રીતે અમને સહાય મળી હતી.

અમારો અભિગ્રહ નિર્વિઘ્ન પૂરો થયો અને થોડા દિવસમાં જ સંયોગો પલટો લેતા હોય તેમ જણાયું. જે કામ અણી પર આવીને તૂટી જતાં હતાં, તે હવે ધીમી ગતિએ પણ પાર પડવા લાગ્યાં ને એમ કરતાં બેત્રણ વર્ષના ગાળામાં જ અમે બધી મુશ્કેલીઓમાંથી પાર ઉતરી ગયા. ત્યાર પછી જેમાં અમને ખૂબ રસ હતો, એ સાહિત્યસર્જનનું કામ ફરી શરૂ કરવાના સંયોગો ઉત્પન્ન થયા, એટલે દવાખાનું આટોપી અમે સાહિત્યસર્જનનાં કામમાં

જોડાયા. એ કામ જૈનસાહિત્ય-વિકાસ-મંડળનાં નામથી થવા લાગ્યું. ત્યાંથી પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકાનાં સર્જને અમને સારો યશ આપ્યો. ત્યારથી અમારી સાહિત્યસર્જનની પ્રવૃત્તિ એક સરખી ચાલુ રહી છે અને તેના દ્વારા અમારા યોગ-ક્ષેમનું વહન આજપર્યંત સારી રીતે થતું રહ્યું છે.

તાત્પર્ય કે તપથી વિઘ્નની પરંપરા દૂર થાય છે અને તેથી તે મંગલરૂપ છે, એમાં કોઈ સંશય રાખવા જેવો નથી. પાઠકોને આ બાબતનો સ્વયં અનુભવ કરી જોવાની અમારી ખાસ ભલામણ છે.

૩-તપનો પ્રભાવ

તપનો પ્રભાવ અચિંત્ય છે. તે માટે જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

यस्माद् विघ्नपरंपरा विघटते दास्यं सुराः कुर्वते,
कामः शाम्यति दाम्यतीन्द्रियगणः कल्याणमुत्सर्पति ।
उन्मीलन्ति महर्धयः कलयति ध्वंसं चयः कर्मणां,
स्वाधीनं त्रिदिवं शिवं च भजति श्लाघ्यं तपस्तन्नकिम् ॥

'જે તપથી વિઘ્નની પરંપરા દૂર થાય છે, દેવો દાસ થઈને રહે છે, કામવાસના શમી જાય છે, ઇંદ્રિયો પર કાબૂ મેળવી શકાય છે, કલ્યાણ વૃદ્ધિ પામે છે, મહાન ઋદ્ધિઓ પ્રાપ્ત થાય છે, કર્મના સમૂહનો નાશ થાય છે, સ્વર્ગ સ્વાધીન થાય છે અને મોક્ષ પામી શકાય છે, તે તપ વખાણવા યોગ્ય નથી શું ?'

अथिरंपि थिर वंकंपि उज्जुअं दुलहं वि तह सुलहं ।
दुरुज्झं वि सुरुज्झं तवेण संपज्जए कज्जं ॥

'તપના પ્રભાવથી અસ્થિર હોય તે સ્થિર થાય છે, વાંકું હોય તે સરલ થાય છે, દુર્લભ હોય તે સુલભ થાય છે અને જે ઘણા પ્રયત્ને સાધી શકાય તેવું હોય તે સરલતાથી સાધી શકાય છે.'

किं बहुणा भणिएणं, जं कस्स वि कह वि कत्थ सुहाइं ॥
दीसंति भवणमज्झे, तत्थ तवो कारणं चेव ॥

'વધારે વર્ણન કરવાથી શું? જગતમાં કોઈને ક્યાંય કંઈ પણ સુખ દેખાય છે, તેનું કારણ તપ જ છે.'

મનુસ્મૃતિમાં કહ્યું છે કે—

औषधान्यगदो विद्या दैवी च विविधा स्थितिः ।
तपसेन प्रसिद्धयन्ति, तपस्तेषां हि साधनम् ॥

'રસાયણની સિદ્ધિ ઘણી કઠિન મનાય છે, પણ તે તપથી સિદ્ધ થાય છે. શારીરિક અને માનસિક અનેક પ્રકારના રોગો મનુષ્યને સતાવે છે, પણ તપથી તે બધાને દૂર રાખી નીરોગી સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે. કોઇ પણ પ્રકારની વિદ્યા સિદ્ધ કરવી હોય તો તે તપથી સિદ્ધ કરી શકાય છે. અથવા આકાશગમનાદિ વિવિધ પ્રકારની દૈવી સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો તે પણ તપથી સિદ્ધ કરી શકાય છે. આમ તપ એ વિવિધ પ્રકારની સિદ્ધિઓનું સાધન છે.'

વિષ્ણુસ્મૃતિમાં કહ્યું છે કે—

यद्दुश्चरं यद्दुरापं यद्दूरं यच्च दुष्करम् ।
सर्वं तत्तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥

'પર્વત વગેરે જે દુર્ગમ સ્થાન છે, આકાશગમનાદિ જે દુષ્પાપ સિદ્ધિઓ છે, સુમેરુ આદિ જે દૂર દેશ છે અને સમુદ્રપાન વગેરે જે દુષ્કર કર્મ છે, તે સર્વ તપથી સિદ્ધ થાય છે. આ જગતમાં કોઇ એવો પદાર્થ નથી કે જે તપ વડે પ્રાપ્ત થઈ ન શકે.'

વળી સ્મૃતિઓમાં 'तपोमूलं सर्वमिदं दैवमानुषकं सुखम्–દેવતા અને મનુષ્યનું આ સર્વ સુખ તપથી પ્રાપ્ત થાય છે' એવાં વચનો દષ્ટિગોચર થાય છે, એટલે તપનો પ્રભાવ અચિંત્ય છે, એ બાબતમાં કોઈ વિવાદ નથી.

તપથી અપૂર્વ રૂપ, અનુપમ સૌભાગ્ય અને ઇચ્છિત સુખની પ્રાપ્તિ થાય છે, એની પ્રતીતિ નંદિષેણની કથા કરાવશે.

૪–નંદિષેણની કથા

'નાનપણમાં કોઈનાં માતાપિતા મરશો નહિ' એ એ પંક્તિ લોકકવિઓ ઘણી વાર ગાય છે, કારણ કે એવાં બાળકોને માથે દુઃખ પડવાનું બાકી રહેતું નથી. વિપ્ર નંદિષેણની બાબતમાં આવું જ બન્યું હતું. તેને હજી દાંત પણ ફૂટયા ન હતા કે તેના માતાપિતા મૃત્યુ પામ્યા હતા અને તે છેક નિરાધાર હાલતમાં આવી પડયો હતો. વળી તેનું શરીર પણ ઘણું કદરૂપું હતું, એટલે તેના પર કોઈને પ્રીતિ ઉપજતી નહિ. પરંતુ રણમાંયે મીઠી વીરડી હોય છે, એ ન્યાયે મામાને તેના પર દયા આવી ને તેઓ પોતાને ઘરે લઇ જઈ તેને ઉછેરવા લાગ્યા.

સામાન્ય રીતે મોસાળમાં બાળકોને ખૂબ લાડકોડથી

ઉછેરવામાં આવે છે, પણ અહીં પરિસ્થિતિ જુદી હતી. મામી ખૂબ આકરા સ્વભાવના હતા, એટલે નંદિષેણની વારંવાર ખબર લેતા અને નાની સરખી ભૂલ થઈ કે વેલણ યા લાકડીનો ઉપયોગ કરતા. પરંતુ મામા દયાળુ સ્વભાવના હતા, એટલે આવા વખતે વચ્ચે પડતા અને તેનો બચાવ કરતા.

આ રીતે અનેક જાતની મુશીબતો વેઠતો નંદિષેણ મોટો થયો અને યુવાનીમાં આવ્યો, ત્યારે મામાએ કહ્યું કે 'નંદિષેણ! તારો શાંત સ્વભાવ મને બહુ ગમે છે. વળી તું ડાહ્યો અને કામગરો છે, એટલે તને મારી મોટી પુત્રી પરણાવીશ.' ઉત્તરમાં નંદિષેણ કંઈ બોલ્યો નહિ, એટલે તેને સંમતિ માની મામાએ વાત આગળ વધારી. મામાને કુલ સાત પુત્રીઓ હતી અને તે બધી જ કુંવારી હતી, એટલે તેમને ઠેકાણે પાડવાની ચિંતા મનમાં ઘોળાતી હોય એ સ્વાભાવિક છે. આજે પણ બહુ પુત્રીઓના પિતાની સ્થિતિ કેવી હોય છે, તે આપણે જાણીએ છીએ.

મોટી પુત્રીને ખબર પડી કે પિતાજી મારાં લગ્ન નંદિષેણ સાથે કરવાના વિચાર પર આવ્યા છે, એટલે તેણે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે 'પિતાજી! તમે કહેશો તો કૂવે પડીશ, તમે કહેશો તો વિષપાન કરીશ અને તમે કહેશો તો ચિતામાં પ્રવેશ કરીશ, પણ આ બદસુરત નંદિષેણ સાથે તો નહિ જ પરણું.'

આગળના જમાનામાં મામાની પુત્રી સાથે લગ્ન કર-

વાનો રિવાજ વ્યાપક હતો અને આજે પણ ક્ષત્રિય વગેરેમાં એ જ રીતે લગ્નો થાય છે. નંદિષેણને આ વાતની ખબર પડી, એટલે ઘણું માઠું લાગ્યું, પણ મામાએ આશ્વાસન આપીને જણાવ્યું કે. 'તું કોઈ ફીકર કરીશ નહિ. તને મારી બીજી પુત્રી પરણાવીશ.' આશ્વાસનના બે મધુર શબ્દો માનવહૃદયમાં કેવું અમી સીંચે છે, તે કોઈથી અજાણ્યું નહિ હોય. આ શબ્દોએ નંદિષેણનાં તૃપ્ત હૃદય પર અમીનું સીંચન કર્યું અને તે પૂર્વવત્ પોતાનાં કામમાં મગ્ન રહેવા લાગ્યો. પરંતુ બીજી પુત્રીએ પણ પહેલીના જેવો જ જવાબ આપ્યો, એટલે નંદિષેણની નવપલ્લવિત થયેલી આશા વીજળીથી વૃક્ષ તૂટી પડે તેમ તૂટી પડી અને ફરી તે નિરાશાનાં વમળમાં ગોથાં ખાવા લાગ્યો.

મામાને નંદિષેણ પર વહાલ હતું, એટલે તેઓ એને કોઈપણ રીતે રાજી રાખવા ઈચ્છતા હતા, તેથી ત્રીજી પુત્રીની વાત ઉપાડી, પણ એમાં યે ફલીભૂત થયા નહિ. એમ કરતાં ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમી પુત્રીનો પ્રસ્તાવ કર્યો, પણ બધી પુત્રીઓએ ના પાડી દીધી. આથી નંદિષેણનું હૃદય ભારે વ્યથા અનુભવવા લાગ્યું. આખરે મામાએ કહ્યું કે 'નંદિષેણ! તું નિરાશ થઈશ નહિ. તને કોઈ બીજી કન્યા પરણાવીશ.' પછી તેમણે નંદિષેણ માટે કન્યા શોધવા માંડી, પણ કોઈએ મ્હોં માંડયું નહિ. સહુએ નંદિષેણનો તિરસ્કાર કર્યો. આથી નંદિષેણને તે ગામમાં રહેવું અકારું થઈ પડયું અને એક રાત્રે ગુપચૂપ મામાનાં ઘરનો ત્યાગ કર્યો.

વાતાવરણ બદલાવાથી માણસનાં મનમાં પલટો આવે છે અને તે પોતાનું દુઃખ ભૂલી જાય છે, એ અનુભવ નંદિષેણને પણ થયો, તાત્પર્ય કે જુદાં જુદાં સ્થાનનો પ્રવાસ કરતાં તે પોતાનું દુઃખ વિસરી ગયો. પરંતુ એક વખત કોઈ નગરનાં ઉદ્યાનમાં તે આરામ કરી રહ્યો હતો, ત્યાં સ્ત્રી-પુરુષનાં એક યુગલને નિરંકુશ ક્રીડા કરતું જોયું, એટલે વિસરાઈ ગયેલું દુઃખ તાજું થયું અને તે પોતાના ભાગ્યને વારંવાર નિંદવા લાગ્યો. એમ કરતાં તે એવા નિર્ણય પર આવ્યો કે 'આ રીતે જીવવા કરતાં મરવું શું ખોટું ?' મનુષ્યને જ્યારે પોતાનાં જીવનમાં કોઈ જાતનો રસ રહેતો નથી, ત્યારે મૃત્યુ તેને મીઠું લાગે છે.

નંદિષેણ ઉદ્યાનના એક નિર્જન ભાગમાં આવ્યો અને ત્યાં ગળે ફાંસો ખાવાની તૈયારી કરી, ત્યાં પાસેની વૃક્ષ ઘટા-માંથી એક અવાજ આવ્યો : 'સબૂર ! સબૂર ! આવું સાહસ કરીશ નહિ. તારે સુખ મેળવવું હોય તો ધર્મને શરણે જા.'

અચાનક આવા શબ્દો સાંભળતાં નંદિષેણ સાવધ થયો અને ચારે બાજુ ઝીણી નજરે જોવા લાગ્યો. ત્યાં ધીર ગંભીર મુદ્રાએ ઊભા રહેલા એક મુનિ તેની નજરે પડયા. નંદિષેણ તેમની પાસે ગયો અને ચરણે ઝુકયો. મુનિએ તેને ધર્મલાભ આપ્યો અને કહ્યું કે 'હે મહાનુભાવ!

लभंति विउला भोगा, लभंति सुरसंपया ।
लभंति पुत्तमित्तं च, पगो धम्मो दुलम्भइ ॥

" પ્રાણીઓ આ જગતમાં અનેક પ્રકારના ભોગો મેળવી શકે છે, વળી દેવતાઓની સંપત્તિ પણ પામી શકે છે અને પુત્ર તથા મિત્રો પણ પામી શકે છે, પરંતુ એક ધર્મ સહેલાઈથી પામી શકતા નથી.'

' भवकोटिदुष्प्रापमवाप्य नृभवादिसकलसामग्रीम् ।
भवजलनिधियानपात्रे, धर्मे यत्नः सदा कार्यः ॥

' ક્રોડો ભવમાં પરિભ્રમણ કરતાં કવચિત્ પામી શકાય તેવી મનુષ્યભવ વગેરે સર્વ સામગ્રી મેળવીને સંસાર-સાગરમાં નાવ સમાન એવા ધર્મ માટે સદાય પ્રયત્ન કરવો.'

આ ધર્મ બે પ્રકારનો છે: એક સાધુ ધર્મ અને બીજો ગૃહસ્થ ધર્મ. તેમાં સાધુધર્મ ઉત્તમ છે અને તેનું યથાર્થ પાલન કરવામાં આવે તો મનુષ્યને મુક્તિનું સુખ આપી શકે છે. પછી તેમણે સાધુઓનાં મહાવ્રત વગેરેની સમજણ આપી, એટલે નંદિષેણે ભીષણ ભવસાગરનો પાર પામવા માટે ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

શ્રામણ્ય અથવા સાધુપણાને પામેલા એ નંદિષેણ મુનિએ અહિંસા, સંયમ અને તપનું ઉત્કૃષ્ટ આરાધન કરવા માંડયું. તેમાં યે તપને તેમણે વિશેષ મહત્ત્વ આપ્યું અને તેને પોતાનાં જીવનમાં વણી લીધું. અનુક્રમે તે શાસ્ત્રસિદ્ધાં-તનો અભ્યાસ કરીને ગીતાર્થ થયા અને સરોવરમાં હંસની જેમ શ્રમણકુલમાં શોભવા લાગ્યા. પછી તેમણે સાધુઓની સેવાશુશ્રૂષારૂપ વૈયાવૃત્ત્ય કરવાનો અભિગ્રહ લીધો, એટલે બાલ, ગ્લાન, શૈક્ષ વગેરે સાધુઓનું વૈયાવૃત્ત્ય કરીને જ આહારપાણી વાપરવાનો નિયમ રાખ્યો.

નંદિષેણુ મુનિ આ નિયમનું દૃઢતાથી પાલન કરતા હતા, એટલે ધીમે ધીમે તેમની કીર્તિ સર્વત્ર પ્રસરી ગઈ અને લોકો શતમુખે તેમનાં વખાણુ કરવા લાગ્યાં.

કલ્પના અને કીર્તિ વગર પાંખે ઉડે છે અને દૂરસુદૂર પહોંચી જાય છે, એટલે નંદિષેણુ મુનિની આ કીર્તિ સ્વર્ગનાં સિંહાસન પર વિરાજી રહેલા ઇંદ્ર મહારાજ સુધી પહોંચી અને તેમણે એક દિવસ ભરસભામાં તપસ્વી નંદિષેણુ મુનિનાં વખાણુ કર્યાં. તે બે દેવોથી સહન થયાં નહિ, એટલે તેમણે નંદિષેણુમુનિની પરીક્ષા કરવાનો વિચાર કર્યો. હરેક નિયમની પરીક્ષા કે કસોટી થાય છે, એમ અનુભવીઓએ કહ્યું છે, તે ખોટું નથી.

નંદિષેણુ મુનિ પારણું કરવાની તૈયારીમાં હતા, ત્યાં પેલો શિષ્ય આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો કે, 'હે મુનિ! તમારી પ્રતિજ્ઞા સાધુઓનું વૈયાવૃત્ત્ય કરીને આહાર પાણી વાપરવાની છે તો ખાવા કેમ બેસી ગયા? આ નગરીની બહાર એક વદ્ધ સાધુ આવેલા છે, તે અતિસારના રોગવાળા છે અને ભૂખ્યા–તરશ્યા છે.'

એટલે નંદિષેણુ મુનિ પારણું કરવાનું મુલતવી રાખી ઊભા થયા ને શુદ્ધ પાણી વહોરી લાવી નગર બહાર વૃદ્ધ મુનિ પાસે ગયા. ત્યાં એ મુનિએ આક્રોશ કરીને કહ્યું કે 'અરે અધમ! તારી પ્રતિજ્ઞા કયાં ગઈ? હું અહીં આવી અવસ્થામાં પડયો છું ને તું તો પારણું કરવા બેસી ગયો.'

આપણને કોઈ ઊંચા સાદે બોલાવે કે આપણો તિરસ્કાર કરે તો કેવું થાય છે? પણ નંદિષેણ મુનિ ક્ષમાની મૂર્તિ હતા. તેઓ આ વચનોથી ક્ષોભ પામ્યા નહિ. તેમણે કહ્યું કે 'હે મુનિ! મારો અપરાધ ક્ષમા કરો. હવે હું આપની સેવામાં હાજર છું.' પછી તેમને પાણી પીવડાવ્યું અને બેઠા થવા કહ્યું. ત્યારે પેલા મુનિએ કહ્યું: 'અરે મૂર્ખ! જોતો નથી કે હું કેટલો અશક્ત થઇ ગયો છું! આ હાલતમાં બેઠો કેમ કરીને થાઉં?'

નંદિષેણ મુનિએ કહ્યું: 'હું આપને બેઠા કરું છું.' પછી વૃદ્ધ સાધુને ધીમેથી બેઠા કર્યા અને જણાવ્યું કે 'જો આપની ઇચ્છા હોય તો આ નગરમાં લઈ જાઉં. ત્યાં આપને વધારે શાતા રહેશે.' વૃદ્ધ મુનિએ એ વાત કબૂલ કરી, એટલે નંદિષેણ મુનિએ તેમને ખભે બેસાડયા અને નગર ભણી ચાલવા માંડયું.

નિરંતર માલમલીદા ઝાપટનારનું શરીર અલમસ્ત હોય છે અને તપસ્વીઓનું શરીર દુર્બળ હોય છે. આ રીતે નંદિષેણ મુનિનું શરીર દુર્બળ હતું, એટલે તેઓ ધીમે ધીમે ઈર્યાસમિતિ શોધતાં ચાલતા હતા. એવામાં પેલા વૃદ્ધ મુનિએ પોતાનાં શરીરનું વજન વધારી દીધું. હઠયોગને જાણનારાઓ પણ પોતાનાં શરીરનું વજન ખૂબ વધારી શકે છે, તો દેવોનું કહેવું જ શું? તેઓ અદ્દભુત શક્તિવાળા હોય છે.

આ રીતે ખભા પરનું વજન ખૂબ વધી જતાં નંદિષેણ મુનિ ધ્રૂજવા લાગ્યા અને તેમના પગ ઊંચાનીચા

પડવા લાગ્યા. ત્યારે પેલા વૃદ્ધ મુનિએ કહ્યું કે ‘અરે અધમ! તું આ શું કરી રહ્યો છે? તેં તો મારા આખા શરીરને હચમચાવી નાખ્યું. શું તારા આ ચાલવાના ઢંગ છે?’

આવાં કર્કશ વચન સાંભળવા છતાં નંદિષેણ મુનિને એ વૃદ્ધ સાધુ પર જરાયે ક્રોધ આવ્યો નહિ. તેમણે પૂર્વવત્ શાંતિથી કહ્યું : ‘મારા ચાલવાથી આપને કંઈ અશાતા ઉપજી હોય તો ક્ષમા માગું છું. હવે હું બરાબર ચાલીશ.’

થોડું આગળ ચાલતાં વૃદ્ધ મુનિએ નંદિષેણના ખભા ઉપર જ ઝાડો કર્યો. તેની દુર્ગંધ અસહ્ય હતી, પરંતુ નંદિષેણ મુનિનું તો રૂંવાડું એ ફરકયું નહિ. એ તો એક જ વિચાર કરી રહ્યા હતા કે ‘આ વૃદ્ધ મુનિને હું કઈ રીતે શાતા પહોંચાડું!’ ત્યાગ, તપ અને સેવાનો આટલો ઊંચો આદર્શ અન્યત્ર આપણને જોવા મળે છે ખરો?

એમ કરતાં વસતિ આવી એટલે નંદિષેણ મુનિએ ધીમેથી પેલા વૃદ્ધ સાધુને નીચે ઉતાર્યા અને તેમનું શરીર સાફ કરવાની તૈયારી કરી. પણ દેવને જે પરીક્ષા કરવી હતી, તે થઈ ગઈ હતી અને તેમાં નંદિષેણ મુનિ પૂરેપૂરા પાર ઉતર્યા હતા, એટલે તેણે વિષ્ટાનું હરણ કર્યું, પોતાનું મૂળ સ્વરૂપ પ્રકટ કર્યું અને ત્રણ પ્રદક્ષિણા દઈ ને નંદિષેણ મુનિને નમસ્કાર કર્યા. પછી ઈંદ્રસભામાં શું બન્યું હતું? તે વાત જણાવી અને ‘આપને શું આપી શકીએ?’ એ પ્રશ્ન કર્યો. પરંતુ નંદિષેણ મુનિ નિઃસ્પૃહ હતા. તેમણે કહ્યું કે ‘મેં અતિ દુર્લભ ધર્મ પ્રાપ્ત કર્યો છે. તેના કરતાં આ

જગતમાં વધારે સારી વસ્તુ કઈ છે કે આપની પાસે તેની માગણી કરું ?' આ શબ્દો સાંભળી દેવો વધારે પ્રસન્ન થયા અને તેમની પ્રશંસા કરતાં પોતાના માર્ગે સીધાવ્યા.

આ બનાવ પછી નંદિષેણ મુનિએ ઘણું તપ કર્યું અને છેવટે સંથારો કર્યો. આહારાદિનો ત્યાગ કરીને દેહ છોડવો એને સંથારો કર્યો કહેવાય છે. શાસ્ત્રોમાં તેને માટે અનશન તથા સંલેખના શબ્દો પ્રસિદ્ધ છે.

વર્તમાન જીવનની લીલા સંકેલવાનો સમય આવે છે, ત્યારે મનુષ્યને પોતાનું જીવન યાદ આવે છે. તેમાં જો સરવાળો દેખાય તો આનંદ આવે છે, બાદબાકી દેખાય તો શોક–સંતોષનો પાર રહેતો નથી. આ રીતે નંદિષેણ મુનિને પોતાનું જીવન યાદ આવ્યું અને પોતે કેવા દુર્ભાગી હતા ? તેનું સ્મરણ થયું. એ સ્મરણે તેમની સુપ્ત વાસનાને જાગૃત કરી અને સંથારો કરનારે કામભોગની આશંસારૂપ નિદાન ન કરવું જોઈએ, છતાં નિદાન કર્યું—નિયાણું કર્યું કે 'મારા તપના પ્રભાવે હું આવતા જન્મમાં સ્ત્રીઓને અતિ વલ્લભ થાઉં.'

મુક્તિમાર્ગનો પથિક ફરી સાંસારિક સુખની ઈચ્છા કરે એ ખરેખર ! ઘણું જ કરુણ કહેવાય, પણ એ કરુણ ઘટના આંખના પલકારામાં બની ગઈ અને નંદિષેણ મુનિ કાલધર્મ પામી પોતાનાં તપના પ્રભાવે શૌરીપુરના રાજા અંધકવૃષ્ણિને ત્યાં દશમા પુત્ર વસુદેવ તરીકે ઉત્પન્ન થયા. તેમના સહુથી મોટા ભાઈનું નામ સમુદ્રવિજય હતું કે જેઓ બાવીશમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિના પિતા થાય.

વસુદેવ અત્યંત રૂપવાન્ હતા, તેમાં યૌવન આવ્યું, એટલે રૂપનું પૂછવું જ શું? એ રૂપમાં એવી મોહકતા હતી કે કોઈપણ સ્ત્રી તેમને એકવાર નજરે જુએ કે પોતાનું ભાન ભૂલે અને તેમની પાછળ પાછળ ચાલવા લાગે. આપણા દેશમાં માધવાનલની વાત કહેવાય છે, તેના જેવો જ આ કિસ્સો હતો.

આ વસ્તુએ સારાએ શહેરમાં ભારે તરખડાટ મચાવ્યો, એટલે પૌરજનોએ આવીને રાજા સમુદ્રવિજયને (એ વખતે સમુદ્ર વિજય રાજા હતા) એકાંતમાં કહ્યું કે 'આપના લઘુ બંધુ વસુદેવનાં રૂપથી નગરની સર્વ સ્ત્રીઓ મર્યાદાહીન બની ગઈ છે. જેઓ તેમને એક વાર જુએ છે, તે પરવશ બની જાય છે, તો નિત્ય હરતાં ફરતાં જુએ તેની શી વલે થાય? માટે અમારું રક્ષણ કરો.' આ સાંભળી રાજા સમુદ્રવિજયે કહ્યું કે 'તમે બે ફીકર રહો. હું તેનો બંદોબસ્ત કરું છું.'

પછી વસુદેવ વંદન કરવા આવ્યા, ત્યારે રાજા સમુદ્રવિજયે કહ્યું કે 'કુમાર! ક્રીડા માટે બધો વખત નગરમાં ફરતાં તમારો દેહ દુર્બળ પડી ગયો છે, માટે હમણાં ઘરમાં જ રહો અને નવી નવી કલાઓ શીખો.' તે દિવસથી વસુદેવ ઘરમાં રહી ગીત–નૃત્યાદિક અનેક કલાઓ શીખવા લાગ્યા.

એક દિવસ કુબ્જા નામની દાસી રાજા સમુદ્રવિજયને માટે ઉત્તમ પ્રકારનું સુગંધી દ્રવ્ય કચોળામાં ભરીને જતી

હતી, ત્યારે વસુદેવે તેમાંથી ચપટી ભરી, એટલે દાસીએ ટોણો માર્યો કે 'આવાં લક્ષણોથી જ તમે ઘરમાં પૂરાયા છો.'

આ શબ્દોથી વસુદેવ ચમકયા અને દાસીને કહેવા લાગ્યા કે 'જે સાચું હોય તે કહી દે, નહિ તો તારી ખેર નથી.' આથી દાસીએ બધી વાત કહી સંભળાવી. તે સાંભળીને વસુદેવને લાગ્યું કે 'હવે મારે આ નગરમાં રહેવું યોગ્ય નથી. જ્યાં વડીલબંધુ એમ માનતા હોય કે હું નગરની સ્ત્રીઓને ભમાવી રહ્યો છું, ત્યાં મારે રહેવાનું પ્રયોજન શું?'

તેજ રાત્રે વસુદેવે ગુટિકાપ્રયોગથી પોતાનું રૂપ બદલ્યું અને નગરનો ત્યાગ કર્યો તથા સ્મશાનભૂમિમાં એક અનાથ મડદાંને બાળી તેની પાસેના થાંભલા પર ચીઠ્ઠી મૂકી કે 'વસુદેવ અગ્નિમાં પ્રવેશ કરીને મૃત્યુ પામ્યા છે.' આ સમાચારે શૌરીપુરના રાજમહેલમાં હાહાકાર મચાવી દીધો, પણ 'તૂટી એની બૂટી નથી' એમ માની સહુએ મનનું સમાધાન કર્યું અને તેમની ઉત્તરક્રિયા કરી.

વસુદેવનું ચરિત્ર ઘણું મોટું છે, ઘણું રોમાંચક છે, પણ તેનું ચિત્રણ કરવાનું આ સ્થાન નથી, એટલે ટૂંકમાં જણાવીએ છીએ કે વસુદેવે દેશાવરમાં ફરતાં બહોંતેર હજાર સ્ત્રીઓનું પાણિગ્રહણ કર્યું અને રોહિણીના સ્વયંવરમાં વરમાળા પહેરી, તે વખતે રાજા સમુદ્રવિજય વગેરેનો મેળાપ થયો. પછીથી તેઓ દેવક રાજાની પુત્રી દેવકીને પણ પરણ્યા. તેમાં રોહિણીની કૂખે બલદેવ કે બલરામ જન્મ્યા અને દેવકીએ સાતમા પુત્ર તરીકે શ્રીકૃષ્ણને જન્મ આપ્યો.

ત્યાર પછી રાજા સમુદ્રવિજય વગેરે સૌરાષ્ટ્રમાં આવ્યા, દ્વારકા વસી, યાદવવંશ અતિ ઉન્નતિને પામ્યો અને છેવટે સુરાપાનમાં મસ્ત થઈ દ્વૈપાયન ઋષિની છેડતી કરતાં શાપ પણ પામ્યો. દ્વૈપાયન મરીને અગ્નિકુમાર દેવ થયો અને તેણે દ્વારકાને સળગાવી. તે વખતે રોહિણી, દેવકી તથા વસુદેવને બચાવી લેવા માટે બલરામ તથા શ્રીકૃષ્ણ તૈયાર થયા અને તેમને રથમાં બેસાડી એ રથને જાતે ખેંચવા લાગ્યા. પણ એ રથ નગરના દરવાજામાં આવ્યો કે જમીનમાં ખૂંચી ગયો. બલરામ અને શ્રીકૃષ્ણે તેને બહાર કાઢવા કમર કસી, એવામાં અગ્નિકુમાર દેવે અંતરીક્ષમાંથી કહ્યું કે 'અરે રામ-કૃષ્ણ! તમને આ કેવો વ્યામોહ થયો છે? મેં તમને પહેલેથી જ કહી દીધું છે કે યાદવોએ કરેલી ઉદ્ધતાઈનાં પરિણામે સમસ્ત દ્વારકાનો અગ્નિથી નાશ થશે અને તેમાં તમારા બે સિવાય કોઈ પણ બચી શકશે નહિ.' એટલે રોહિણી, દેવકી તથા વસુદેવે શ્રી અરિષ્ટનેમિ ભગવાનનું ધ્યાન ધર્યું અને ચાર શરણ અંગીકાર કર્યાં. એવામાં જ દરવાજાની શિલા તૂટીને તેમનાં મસ્તક પર પડી અને તેઓ કાળધર્મ પામ્યા.

પછી રામ અને કૃષ્ણ નગરની બહાર નીકળી ગયા. ત્યાં તૃષાતુર કૃષ્ણનું જરાકુમારના હાથે મૃત્યુ થયું અને બલરામ સંસાર છોડી સાધુ થયા.

તાત્પર્ય કે એક વખતનો બદસુરત, બેડોળ અને નિરાધાર નંદિષેણ તપના પ્રભાવથી બીજા જન્મમાં રમણીઓને અતિ વલ્લભ થયો અને અપૂર્વ સિદ્ધિ પામી જગ-

તમાં પ્રસિદ્ધ થયો. આજે પણ લાખો ઘરમાં પ્રાતઃકાળ થતાં 'वसुदेवदेवकीनंदनकृष्णचाणुरमर्दनं' વગેરે પંક્તિઓથી વસુદેવનું સ્મરણ થાય છે અને અનેક પ્રસંગોએ તેમની કથા કહેવાય છે.

૫–તપથી પ્રાપ્ત થતી અનેક પ્રકારની લબ્ધિઓ

તપથી અનેક પ્રકારની લબ્ધિઓ એટલે વિશિષ્ટ શક્તિઓ ઉત્પન્ન થાય છે. તે માટે ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે કે—

आमोसही पमुहा बहु लद्धि, होवे जास प्रभावे;
अष्ट महासिद्धि नवनिधि प्रगटे, नमीए ते तप भावेरे!

'જેના પ્રભાવથી આમર્ષૌષધિ વગેરે અનેક પ્રકારની લબ્ધિઓ, અષ્ટ મહાસિદ્ધિ અને નવનિધિ પ્રકટ થાય છે, તે તપને દરેકે ભાવપૂર્વક નમવું ઘટે.'

લબ્ધિઓનો પરિચય જન મહર્ષિઓએ નીચે મુજબ આપ્યો છેઃ—

(૧) **આમર્ષૌષધિલબ્ધિ**–હસ્તાદિના સ્પર્શથી જ રોગીના રોગ સારા થાય.

(૨) **વિપ્રડૌષધિલબ્ધિ**—પેશાબ સુવાસિત અને ઔષધિરૂપ હોય.

(૩) **શ્લેષ્મૌષધિલબ્ધિ**–શ્લેષ્મ સુવાસિત અને ઔષધિરૂપ હોય.

(૪) **મલૌષધિ કે જલ્લૌષધિલબ્ધિ**–કાન, નાક તથા તથા અંગનો મેલ સુવાસિત તથા ઔષધિરૂપ હોય.

(૫) **સર્વૌષધિલબ્ધિ**–અંગના સ્પર્શથી વરસાદમાં વરસતું પાણી અને નદીઓ વગેરેમાં વહેતું જલ સર્વ રોગોનો નાશ કરે. તેમજ શરીરનો સ્પર્શ પામેલો વાયુ પણ સર્વ રોગોનો નાશ કરે. નખ, કેશ, દાંત વગેરે સર્વ કંઈ ઔષધિનું કામ આપે.

(૬) **સંભિન્નશ્રોતલબ્ધિ**–શરીરના સર્વ ભાગથી સાંભળી શકાય એવી શક્તિ તથા એક ઇંદ્રિયથી બીજી ઇંદ્રિયનું કામ થઈ શકે એવી શક્તિ.

(૭) **ઋજુમતિલબ્ધિ**–બીજા મનુષ્યે કરેલા વિચારને સામાન્ય રીતે જાણી શકાય એવી શક્તિ.

(૮) **વિપુલમતિલબ્ધિ**–બીજા મનુષ્યે કરેલા વિચારો ખૂબ સૂક્ષ્મતાથી જાણી શકાય એવી શક્તિ.

(૯) **કેવળીલબ્ધિ**–વસ્તુના ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલીન બધા પર્યાયો જાણવાની શક્તિ.

(૧૦) **વિદ્યાચારણલબ્ધિ**-એક જ પગલે હજારો માઈલ દૂર જઈ શકે એવી લબ્ધિ.

(૧૧) **જંઘાચારણલબ્ધિ**–સૂર્યનાં કિરણોની મદદ વડે આકાશમાં ગમન કરવાની શક્તિ.

(૧૨) **આશીવિષલબ્ધિ**–કોઈ પણ પશુ, પક્ષી કે મનુષ્યને શાપ આપીને મારી નાખવાની શક્તિ.

(૧૩) **કોષ્ઠબુદ્ધિલબ્ધિ**–સૂત્ર અને અર્થ નિરંતર યાદ રહે એવી અદ્‌ભુત સ્મરણશક્તિ.

(૧૪) **બીજબુદ્ધિલબ્ધિ**-એક જ અર્થ સાંભળીને તેના અનેક વિસ્તારને જાણી શકે તેવી શકિત.

(૧૫) **પદાનુસારીલબ્ધિ**-એક પદથી સ્વબુદ્ધિ વડે ઘણું શ્રુતજ્ઞાન જાણી શકે તેવી શકિત.

(૧૬) **ક્ષીરાશ્રવ લબ્ધિ**—જેથી વાણીમાં ઉત્તમોત્તમ ક્ષીર જેવી મીઠાશ આવે તેવી શક્તિ.

(૧૭) **મદ્વાશ્રવલબ્ધિ**—જેથી વાણીમાં ઉત્તમોત્તમ મધ જેવી મીઠાશ આવે તેવી શક્તિ.

(૧૮) **ઘૃતાશ્રવલબ્ધિ**—જેથી વાણીમાં ઉત્તમોત્તમ ઘૃત જેવી મીઠાશ આવે તેવી શક્તિ.

(૧૯) **અક્ષીણમહાનસીલબ્ધિ**—એક જણ ખાય તેટલા ખોરાકને હાથ અડાડવાથી ગમે તેટલા જણ ખાય તો પણ એ ખોરાક ન ખૂટે તેવી શક્તિ. લાંબા વખત સુધી છઠ્ઠને પારણે છઠ્ઠ કરવાથી શ્રી ગૌતમ સ્વામીને આવી શક્તિ ઉત્પન્ન થઈ હતી.

(૨૦) **વૈક્રિયલબ્ધિ**—શરીરને ગમે તેવડું નાનું મોટું બનાવી શકે તેવી શક્તિ.

(૨૧) **તૈજસલબ્ધિ**—શરીરમાંથી તેજોલેશ્યા મુકીને ગમે તેને બાળી નાખે તેવી શક્તિ. ગોશાલકે શ્રી મહાવીર સ્વામી પાસેથી આ લબ્ધિ પ્રાપ્ત કરવાનો વિધિ જાણી લીધો હતો. પછી તે વિધિ પ્રમાણે તપ કરતાં આ લબ્ધિ ઉત્પન્ન થઈ હતી અને પ્રસંગ આવ્યે જ્ઞાનદાતા ગુરુ ઉપર જ તેણે એ લબ્ધિનો ઉપયોગ કર્યો હતો.

પ્રભુ મહાવીર ચરમ શરીરી હોઈ એ લબ્ધિ તેમને બાળી શકી ન હતી, પણ તેનાથી તેમને ઝાડામાં અમુક વખત સુધી લોહી પડયું હતું.

(૨૨) **શીતલબ્ધિ**—તેજોલેશ્યાનું નિવારણ કરી શકે તેવી શક્તિ.

(૨૩) **આકાશગમનલબ્ધિ**—જેનાથી આકાશમાં વિચરી શકાય તેવી શક્તિ.

અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ અને બળદેવની શક્તિને પણ લબ્ધિ કહેવામાં આવે છે. તે પણ પૂર્વભવોમાં કરેલાં તપને પ્રભાવે જ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત શાસ્ત્રમાં બીજી પણ કેટલીક લબ્ધિઓનું વર્ણન આવે છે, તે સર્વ તપનાં બળથી પામી શકાય છે.

૬–અષ્ટમહાસિદ્ધિ પણ તપને આધીન છે.

ઉપર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે અષ્ટ-મહાસિદ્ધિનો ઉલ્લેખ કર્યો છે, તે નીચે પ્રમાણે સમજવી:

૧ **અણિમા**—શરીરને અણુ જેવું નાનું કરી દેવાનું સામર્થ્ય. આ સિદ્ધિના બલથી તપસ્વી સૂક્ષ્મરૂપે સર્વત્ર વિચરી શકે છે અને કોઈની દૃષ્ટિનો વિષય થતો નથી.

૨ **મહિમા**—શરીરને પર્વતાદિ જેવું મહાન કરી દેવાનું સામર્થ્ય. મહામુનિ વિષ્ણુકુમારે જરૂર પડતાં લાખ યોજન મેરુ પ્રમાણ પોતાનું શરીર મોટું બનાવ્યું હતું.

૩ **લઘિમા**—શરીરને આકડાના રૂ જેવું હલકું બનાવી

દેવાનું સામર્થ્ય.

૪ **ગરિમા**—શરીરનું વજન અત્યંત વધારી દેવાનું સામર્થ્ય.

૫ **વશિતા**—ગમે તેવા ક્રૂર પ્રાણીઓને વશ કરી લેવાનું સામર્થ્ય.

૬ **પ્રકામ્ય**—ભૂમિમાં પણ જળની જેમ ઉન્મજ્જન નિમજ્જન કરી શકાય તેવું સામર્થ્ય.

૭ **પ્રાપ્તિ**—ગમે તેટલા દૂર રહેલા પદાર્થોને સ્પર્શ કરી શકવાનું સામર્થ્ય. આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર પોતાની આંગળીથી મેરુ પર્વતનાં શિખરને કે ચંદ્રને સ્પર્શ કરી શકે છે.

૭ **ઇશિતા**—અપૂર્વ ઋદ્ધિ વિસ્તારવાનું સામર્થ્ય. આ સિદ્ધિથી તપસ્વી ચક્રવર્તી કે ઇંદ્રના જેવી ઋદ્ધિ વિસ્તારી શકે છે.

કેટલાકે આ સિદ્ધિઓ યોગથી પ્રાપ્ત થવાનું માન્યું છે, પણ જૈન મહર્ષિઓનાં તપની વ્યાખ્યા એટલી વ્યાપક છે કે યોગવિદ્યા તેના પેટામાં સમાઈ જાય છે. આગળ તપના પ્રકારો વગેરે વાંચવાથી આ વસ્તુની વધારે પ્રતીતિ થશે.

૭–નવનિધિ પણ તપથી જ પ્રકટે છે.

નવનિધિ અંગે જૈન શાસ્ત્રોમાં નીચેની ગાથા દૃષ્ટિગોચર થાય છે:—

णेसप्पे पंडुयए पिंगलए सव्वरयणमहापउमे ।
काले य महाकाले माणवग महानिहि संखे ॥

(૧) નૈસર્પ, (૨) પાંડુક, (૩) પિંગલક, (૪) સર્વરત્ન, (૫) મહાપદ્મ, (૬) કાલ, (૭) મહાકાલ, (૮) માણુવક અને (૯) શંખ (એ નવનિધિ કે નવનિધાનો છે.)

પ્રવચનસારોદ્ધારની ટીકામાં જણાવ્યું છે કે આ નવનિધિમાં શાશ્વતકલ્પનાં પુસ્તકો હોય છે અને તેમાં વિશ્વસ્થિતિનું કથન હોય છે, એટલે તેને એક પ્રકારનો જ્ઞાનનો ખજાનો સમજવાનો છે. નૈસર્પનિધિના કલ્પમાં ગ્રામ, નગર, પુર, પાટણ વગેરેની સ્થાપનાનો વિધિ હોય છે. પાંડુકનિધિના કલ્પોમાં ગણિત, ગીત, ચોવીશ પ્રકારનાં ધાન્યનાં બીજ તથા તેની ઉત્પત્તિના પ્રકાર વર્ણવેલા હોય છે. પિંગલકનિધિના કલ્પોમાં સ્ત્રી, પુરુષ, ગજ, અશ્વ વગેરેનાં આભૂષણો બનાવવાનો વિધિ વર્ણવેલો હોય છે. સર્વરત્નનિધિમાં ચક્રવર્તીનાં ચૌદ રત્નોનું વર્ણન હોય છે. મહાપદ્મનિધિના કલ્પોમાં વસ્ત્રની ઉત્પત્તિ, તેના પ્રકાર, ધોવાની રીતો, રંગ તથા સાત ધાતુઓનું વર્ણન હોય છે. કાલનિધિના કલ્પોમાં જ્યોતિષનું જ્ઞાન, તીર્થંકરોના વંશનું કથન તથા સો પ્રકારનાં શિલ્પનું વર્ણન હોય છે. મહાકાલનિધિના કલ્પોમાં ધાતુ તથા ઝવેરાતના વિવિધ ભેદો તથા ઉત્પત્તિનું વર્ણન હોય છે. માણુવકનિધિના કલ્પોમાં યોદ્ધાઓની ઉત્પત્તિ, શસ્ત્રસામગ્રી, યુદ્ધનીતિ અને દંડનીતિનું વર્ણન હોય છે તથા શંખનિધિના કલ્પોમાં ગદ્ય, પદ્ય, નૃત્ય, નાટક વગેરેનું વર્ણન હોય છે.

વિશિષ્ટ તપથી આ નવનિધિઓ પ્રકટ થાય છે.

૮-તપથી શ્રુતજ્ઞાનની આરાધનામાં ઘણી સહાય મળે છે.

જૈન મહર્ષિઓએ કહ્યું છે કે—

જ્ઞાન સાર સંસારમાં, જ્ઞાન પરમ સુખહેત;
જ્ઞાન વિના જગજીવડો, ન લહે તત્ત્વસંકેત.

'આ સંસારમાં જ્ઞાન ઉત્તમ છે. તે પરમ સુખનો હેતુ છે. અને તેના વિના આ જગતમાં કોઈ જીવ તત્ત્વનો બોધ પામી શકતું નથી.'

બધાં જ્ઞાનોમાં શ્રુતજ્ઞાન શ્રેષ્ઠ છે, કારણ કે તે કુમાર્ગે-ચાલતાં જીવને સન્માર્ગે લઈ જાય છે. આ શ્રુતજ્ઞાનમાં અનેક ગહન શાસ્ત્રોનો સમાવેશ થાય છે, તેથી જ શ્રી હરિભદ્રસૂરિએ તેની સરખામણી સમુદ્ર સાથે કરી છે. જેમ કે—

बोधागाधं सुपदपदवी नीरपुराभिरामं,
जीवाहिंसाविरल-लहरीसंगमागाहदेहं ।
चूलावेलं गुरुगम-मणो-संकुलं दूरपारं,
सारं वीरागमजलनिधिं सादरं साधु सेवे ॥

'વીર પ્રભુનો આગમસમુદ્ર અપરિમિત જ્ઞાનને કારણે ગંભીર છે, લલિતપદોની રચનારૂપ જલથી મનોહર છે, જીવદયા સંબંધી સૂક્ષ્મ વિચારોરૂપ મોતીઓથી ભરપૂર હોવાને લીધે પ્રવેશ કરવામાં કઠિન છે, ચૂલિકારૂપ વેળા (ભરતી) વાળો છે, આલાપકરૂપ રત્નોથી ભરપૂર છે અને જેનો સંપૂર્ણ પાર પામવો અત્યંત મુશ્કેલ છે, તેની હું આદરપૂર્વક સેવા કરું છું.'

આવા ગહન શ્રુતસાગરનો પાર સામાન્ય મનુષ્યો સહેલાઈથી પામી શકે નહિ, પરંતુ વિશિષ્ટ તપનો આશ્રય લેવામાં આવે તો એ કાર્ય સરળ બની જાય છે. તેથી જ સાધુઓ માટે યોગોદ્વહનનું અને ગૃહસ્થો માટે ઉપધાન તપનું વિધાન છે.

અહીં કોઈને એવો પ્રશ્ન થાય કે 'સૂત્રસિદ્ધાંતો સારી રીતે ગ્રહણ થઈ શકે તે માટે ધારણાશકિત સારી જોઈએ, તેનો અર્થ બરાબર સમજાય તે માટે બુદ્ધિ તીક્ષ્ણ જોઈએ અને તેનું સૂક્ષ્મ રહસ્ય સમજાય તે માટે એકાગ્રતાનું પ્રમાણ વધવું જોઈએ. તેને બદલે યોગોદ્વહન અને ઉપધાનની યોજના શા માટે?' તેનો ઉત્તર એ છે કે 'ધારણાશકિત, બુદ્ધિ અને એકાગ્રતાનો વિકાસ ત્યારે જ થઈ શકે કે જ્યારે મતિમાંદ્ય એટલે માનસિક જડતાનો નાશ થાય અને ચિત્તનો વિક્ષેપ ઘણો ઓછો થઈ જાય. આ પરિસ્થિતિ તપથી પેદા થઈ શકે છે, તેથી તપોમય યોગોદ્વહન અને ઉપધાનની યોજના યથાર્થ છે. માનસિક જડતા દૂર થાય અને ચિત્તનો વિક્ષેપ ઘટી જાય તો શ્રુતજ્ઞાનની આરાધના ઝડપથી થાય, એટલે યોગોદ્વહન અને ઉપધાનતપ શ્રુતજ્ઞાનની આરાધનામાં ઘણી મદદ કરે છે, એમ કહેવામાં અત્યુકિત નથી. સૈદ્ધાંતિક ભાષામાં કહીએ તો માનસિક જડતા એ જ્ઞાનાવરણીય કર્મના ઉદયનું પરિણામ છે અને ચિત્તનો વિક્ષેપ એ મોહનીય કર્મના ઉદયનું પરિણામ છે. આ બંને કર્મોનો તથા બાકીનાં છયે કર્મોનો નાશ તપશ્ચર્યાનાં આલંબનથી જ થઈ શકે છે, તેથી શ્રુત

જ્ઞાનની આરાધનામાં તપોમય યોગોદ્વહન તથા ઉપધાન ક્રિયાનું આલંબન ઇષ્ટ છે.'

અહીં કોઈ એમ કહે કે 'ઘણા શ્રાવક-શ્રાવિકાઓ ઉપધાન તપ કરે છે, પણ તેમનું શ્રુતજ્ઞાન વૃદ્ધિ પામતું હોય એવો અનુભવ થતો નથી, તેનું કેમ ?' એનો ઉત્તર છે કે 'શાસ્ત્રમાં વર્ણવેલી ઉપધાનવિધિનું યથાર્થ આલંબન લેવામાં આવે તો એ પરિણામ આવવું જ જોઈએ. ગોળ ખાઈએ અને મોઢું ગળ્યું ન થાય એ બને જ કેમ ? અમે ઉપધાન તપનો સ્પષ્ટ ખ્યાલ આપવા માટે ઉપધાન-રહસ્ય, ઉપધાનસ્વરૂપ અને ઉપધાનચિંતન એ ત્રણ નિબંધો લખેલા છે અને તે પુસ્તકાકારે પ્રકટ થયેલા છે.× તે જોવાથી આ વસ્તુનો વિશેષ ખ્યાલ આવી શકશે.'

૯-તપથી સર્વ કર્મનો નાશ થાય છે.

તપમાં જે અદ્ભુત તાકાત રહેલી છે, તેનાથી પાઠકો પરિચિત થયા, પણ તેની ખરી પ્રશંસા તો તે ગમે તેવાં ચીકણાં કર્મ ખપાવી દે છે, તે કારણે જ થાય છે. આ વસ્તુ આપણે બરાબર સમજી લઈએ.

જે કર્મો આત્મા સાથે તાદાત્મ્યભાવ પામેલા હોય

× પ. પૂ. ચારિત્રચૂડામણિ આચાર્ય શ્રીમદ્ વિજયપ્રેમ સૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી ભાનુવિજયની પ્રેરણાથી આ ત્રણ નિબંધો લખાયેલા અને શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાળા ગોપીપુરા, સુરત તરફથી સં. ૨૦૧૨માં પ્રકટ થયેલા. તેનું મૂલ્ય અનુક્રમે ચાર આના, છ આના અને ચાર આના છે.

અને તેથી પોતાનું ફળ બતાવ્યા સિવાય દૂર થાય તેમ ન હોય તેને ચીકણાં કે નિકાચિત કહેવામાં આવે છે. આવાં નિકાચિત કર્મોનો નાશ કરવો એ સહેલી વાત નથી. તેમાં યે આ કર્મોનો સંચય અનેક ભવોથી થયેલો હોય અને તે કારણે અતિ વિપુલ બન્યો હોય ત્યારે તો તેનો નાશ કરવાનું કામ ઘણું જ દુર્ઘટ બની જાય છે, પણ તપમાં એવી શક્તિ રહેલી છે કે તે એ બધાં ચીકણાં–નિકાચિત કર્મોને ખપાવી દે છે, ખેરવી નાખે છે.

જેમ સુવર્ણમાં રહેલા મેલને અગ્નિ જુદો પાડે છે, દૂધમાં રહેલા જલને હંસ જુદું પાડે છે, તેમ આત્માની અંદર રહેલા કર્મમેલને તપ જુદો પાડે છે. આર્ષવાણી એવી છે કે 'भवकोडिसंचियं कम्मं तवसा निज्जरिज्जइ–ક્રોડો ભવમાં સંચિત થયેલાં કર્મો તપ વડે ખરી જાય છે.' આ વસ્તુને એક સંતકવિએ પોતાની મધુર વાણીમાં નીચે પ્રમાણે ઉતારી છેઃ—

कान्तारं न यथेतरो ज्वलयितुं दक्षो दवाग्निं विना,
दावाग्निं न यथेतरः शमयितुं शक्तो विनाऽम्भोधरम् ।
निष्णातः पवनं विना निरसितुं नान्यो यथाऽम्भोभरं,
कर्मौघं तपसा विना किमपरं हर्तुं समर्थस्तथा ? ॥

'અરણ્યને બાળવામાં જેમ દાવાનલ વિના બીજું કોઈ સમર્થ નથી, દાવાગ્નિને ઓલવવા માટે જેમ મેઘ વિના બીજું કોઈ સમર્થ નથી અને મેઘને વીખેરી નાખવા માટે જેમ પવન વિના બીજું કોઈ સમર્થ નથી, તેમ

કર્મના સમૂહને હરવા માટે—ખેરવવા માટે તપ વિના બીજું કોણ સમર્થ છે? અર્થાત્ કોઈ જ નહિ.'

અહીં કોઈ એમ કહે કે 'જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને બાળીને ભસ્મ કરે છે, એવું ભગવદ્‌ગીતાનું વચન છે, (અ૦ ૪, શ્લો૦ ૩૭) તો તપ વડે સર્વ કર્મસમૂહનો નાશ થાય છે, એમ કેમ માની શકાય?' તો એનો ઉત્તર એ છે કે 'અહીં કર્મ શબ્દથી આત્માના શુદ્ધ સ્વરૂપને મલિન કરનારી એક પ્રકારની પૌદ્‌ગલિક વર્ગણાઓ સૂચિત છે અને ભગવદ્‌ગીતાનાં ઉપર્યુક્ત વચનમાં કર્મ શબ્દથી ક્રિયાકાંડનું સૂચન છે, એટલે આ બે વસ્તુઓ એક નથી. ત્યાં એમ કહેવાનો આશય છે કે જેને સર્વ સંશયોનો છેદ કરનારું શ્રેષ્ઠ જ્ઞાન ઉત્પન્ન થયું છે, તેને વિધિવિધાનો કે ક્રિયાકાંડની આવશ્યકતા રહેતી નથી. આગળના ચાર શ્લોકો જોવાથી આ વસ્તુની પ્રતીતિ થશે.

અહીં પ્રસંગવશાત્ એટલો ખુલાસો કરી દઈએ કે કેટલાક લોકો '**ब्रह्म सत्यं जगन् मिथ्या**' એ સૂત્ર સાંભળીને વેદાંતી બની જાય છે, અર્થાત્ 'આત્માને અમે જાણી લીધો, હવે અમારે ક્રિયાઓની જરૂર નથી' એમ બોલવા લાગી જાય છે અને પૂર્વ મહાપુરુષોએ પોતાના અનુભવથી જે ક્રિયાઓ કે સાધનોનો ઉપદેશ આપ્યો છે, તેની અવગણના કરે છે. પરિણામે તેમની સ્થિતિ સાગરમાં ડૂબી રહેલા માણસને મહા મહેનતે હાથમાં આવેલું પાટિયું સરકી જવા જેવી થાય છે.

'ब्रह्म सत्यं जगन् मिथ्या' એ મહાવાક્ય છે અને તેમાં સનાતન સત્યનો રણકાર ગુંજે છે, એમાં કોઈ શક નથી, પણ સાંપ્રત કાળે તેનો જે અર્થ સમજવામાં આવે છે ને તેના આધારે જે વ્યવહાર કરવામાં આવે છે, તે બરાબર નથી. ब्रह्म सत्यं નો ખરો અર્થ એ છે કે આત્મા નિત્ય છે, તેજ ભવાંતરમાં ટકવાવાળો છે, એટલે તેનું સ્વરૂપ સમજવું જોઈએ અને જે રીતે તેનું કલ્યાણ થાય તે રીતે વર્તવું જોઈએ. जगन् मिथ्यानो અર્થ એ છે કે આ જગત્‌ના સર્વ વ્યવહારો મિથ્યા છે, સારહીન છે, એટલે તેમાં રાચવું નહિ. જેઓ સંસારવ્યવહારમાં જ રાચી રહે છે, તેમને શ્રેયનો લાભ થતો નથી. આની જગાએ આજે શું કહેવામાં આવે છે ને શું કરવામાં આવે છે? તે અમે એક દૃષ્ટાંત દ્વારા જ રજૂ કરીશું.

એક પંડિતજી શ્રોતાઓને વેદાંત ઉપર વ્યાખ્યાન આપી રહ્યા હતા. તેમાં તેમણે ક્રિયાકાંડની નિરર્થકતા ઉપર દલીલો કરતાં જણાવ્યું કે—

તિલક કરતાં તેપન ગયાં, જપમાળાનાં નાકાં ગયાં;

કથા સૂણી સૂણી ફૂટયા કાન, તોયે નાવ્યું બ્રહ્મજ્ઞાન.

રોજ નાહી–ધોઈને કપાળે તિલક કરવું અને મંદિરે જઈ સેવાપૂજા કરવી એ ચર્યામાં તેપન વર્ષો વીતી ગયાં. તે દરમિયાન માળાઓ પણ એટલી ફેરવી કે તેનાં નાકાં તૂટી ગયાં અને કથાઓ એટલી સાંભળી કે કાન બહેરા થઈ ગયા. તો પણ બ્રહ્મ કોને કહેવાય? તેનું સ્વરૂપ કેવું હોય? તેનો સાક્ષાત્કાર શી રીતે થાય? તે જાણી શકાયું નહિ.

એટલે આ બધી ઝંઝટ છોડીને બ્રહ્મને ઓળખો અને તેની ઉપાસના કરો, તો તમારો ઉદ્ધાર થશે. આપણને ખરું આવરણ માયાનું છે. એ માયાજાળ હઠવી જોઈએ.

આ જગત્ મિથ્યા છે. આપણને જે કંઈ દેખાય છે તે બધું ખોટું છે, ભ્રમરૂપ છે, વાસ્તવિકતાએ એમાં કંઈ જ નથી. ઝાંઝવાનાં નીર ખોટાં હોવા છતાં જેમ તે સાચા હોવાનો ભાસ થાય છે, તેમ શરીર, વસ્ત્ર, અલંકાર, ગૃહ, ક્ષેત્ર, ધન, ધાન્ય, ઢોરઢાંખર, માલમિલકત એ બધું મિથ્યા હોવા છતાં સાચા હોવાનો આપણને ભાસ થાય છે. જો એ ભાસ ટળી જાય અને તેને સ્વપ્નવત્ સમજીએ તો આપણો ઉદ્ધાર દૂર નથી. પછી તેમણે બકરિયા સિંહ વગેરેનાં દૃષ્ટાંતો આપ્યાં. (એક સિંહનું બચ્ચું બકરીનાં ટોળામાં રહેવાથી બકરીના સ્વભાવનું થઈ ગયું, પણ જંગલમાં જતાં બીજા સિંહે તેનું સ્વરૂપ ઓળખાવ્યું. એટલે તે પોતાનું સાચું સ્વરૂપ જાણી શકયું. એ બકરિયા સિંહનાં દૃષ્ટાંતનો સાર છે.)

પંડિતજીનું આ વ્યાખ્યાન સાંભળી શ્રોતાઓ ચકિત થઈ ગયા હતા અને એક બીજા સામું ટગર ટગર જોઈ રહ્યા હતા, એવામાં એક શ્રોતા ઉઠયો, સીધો પંડિતજી પાસે ગયો અને તેમનું માથું પકડી જોરથી પાસેના થાંભલા સાથે અફાળ્યું. આથી પંડિતજીનાં મસ્તકમાંથી લોહી નીકળવા લાગ્યું અને શ્રોતાઓમાં ભારે ગરબડ મચી રહી. પણ પેલો ત્યાંથી ખસ્યો નહિ કે ખસવાની વૃત્તિ બતાવી નહિ.

તેને પંડિતજીએ પૂછ્યું કે 'તમે આ શું કર્યું ? મારું માથું પકડીને થાંભલા સાથે શા માટે અફાળ્યું ?' પેલા મનુષ્યે કહ્યું કે 'પંડિતજી ! તમે બ્રહ્મસ્વરૂપ છો. તમારે શરીર કેવું ને માથું કેવું ? એ તો એક જાતનો ભ્રમમાત્ર છે. આ થાંભલો દેખાય છે, તે વાસ્તવિક થાંભલો નથી. માથું અફળાવાની, લોહી નીકળવાની વગેરે જે ક્રિયાઓ થઈ એ સ્વપ્નવત્ છે. માટે આપ બ્રહ્મસ્વરૂપમાં મગ્ન રહો અને આવી ભ્રમપૂર્ણ બાબતોનો કાંઈ જ વિચાર કરો નહિ.'

આ સાંભળી બધા શ્રોતાઓ ખડખડાટ હસી પડયા ને આ દૃશ્ય જગત્‌ને ભ્રમ માનવામાં કેવાં જોખમો રહેલાં છે, તેનાથી પરિચિત થયા. પંડિતજી કંઈ પણ વિશેષ બોલ્યા વિના પોતાનાં સ્થાને ગયા અને ફરી તેમણે જગ-તને ભ્રમ કહેવાનું સાહસ કર્યું નહિ.

અહીં એ પણ સ્પષ્ટ કરીએ કે ગીતાકારે તપને વખોડયું નથી, પણ વખાણ્યું છે અને તેને બ્રાહ્મણનું સ્વા ભાવિક કર્મ કહીને તેનું બહુમાન પણ કર્યું છે. તે માટે અઢારમા અધ્યાયનો નિમ્ન શ્લોક સાંભળોઃ—

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं, ब्रह्मकर्म स्वभावजम् ॥

'શમ, દમ, તપ, પવિત્રતા, ક્ષમા, સરળતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકય એ બ્રાહ્મણનાં સ્વભાવજન્ય કર્મો છે.'

પુરાણો આપણને સ્પષ્ટ વાણીમાં કહે છે કે—

तपस्विनो दानशीला वीतरागास्तितिक्षवः ।
त्रैलोक्या उपरिस्थानं लभन्ते शोकवर्जितम् ॥

'જે પુરુષો તપસ્વી છે, દાનપરાયણ છે, રાગ અને દ્વેષને જિતનારા છે તથા વિવિધ પરીષહો સહન કરનારા છે, તે મૃત્યુ બાદ ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક એ ત્રિલોકીની ઉપર જે શોકવર્જિત સ્થાન છે, તેને પામે છે.'

આ સ્થાનને જૈન પરિભાષામાં સિદ્ધશિલા કહેવામાં આવે છે, એટલે તપ વડે જેણે પોતાનાં સર્વ કર્મોનો નાશ કર્યો છે, તે મૃત્યુબાદ સિદ્ધશિલામાં બિરાજે છે, એમ જ સમજવું જોઈએ.

તારા, તૃણ કે રેતીના કણ કરતાં પણ અધિક ઋષિ-મુનિઓએ આજ પર્યંત તપનો આશ્રય લીધો છે અને આજે પણ સેંકડો સહસ્રોની સંખ્યામાં આશ્રય લઈ રહ્યા છે, તેનું મુખ્ય કારણ એ છે કે તપમાં સર્વ પાપોનો–સર્વ કર્મોનો નાશ કરવાની શક્તિ રહેલી છે. જો તપમાં આવી શક્તિ ન હોત તો આટલા તપસ્વીઓ અને આટલાં તપોવનો હોત કેમ? એ શાંત ચિત્તે વિચારવું ઘટે છે.

શ્રુતિ–સ્મૃતિઓમાં એવું વચન જોવામાં આવે છે કે 'तपसा किल्बिषं हन्ति–તપ વડે પાપનો નાશ કરે છે,' એટલે તપની પાપનાશક–કર્મનાશક શક્તિમાં સંદેહ રાખવો યોગ્ય નથી.

૧૦–જૈન ધર્મમાં તપને અપાયેલું મહત્ત્વનું સ્થાન.

જૈન શાસ્ત્રો જણાવે છે કે—

दानं सुपात्रे विशदं च शीलं,
तपो विचित्रं शुभभावना च ।
भवार्णवोत्तारणसत्तरण्डं,
धर्मं चतुर्धा मुनयो वदन्ति ॥

'ભવસાગર તરી જવા માટે ઉત્તમ વહાણુ સમાન ધર્મને મુનિઓ ચાર પ્રકારનો કહે છે: (૧) સુપાત્રને **દાન** દેવું. (૨) નિર્મલ **શીલ** પાળવું. (૩) વિવિધ પ્રકારનું **તપ** કરવું. અને (૪) **ભાવ** શુભ રાખવો.'

અહીં મુનિઓ શબ્દથી મહામુનિઓ કે અર્હતો અભિપ્રેત છે. તેની પ્રતીતિ નિમ્ન શ્લોકો વડે થાય છે:–

दान-शीलतपोभाव-भेदैर्धर्मश्चतुर्विधः ।
भवाब्धियानपात्राभः प्रोक्तोऽर्हद्भिः कृपापरैः ॥

'ભવસાગર માટે વહાણુ જેવો ધર્મ કૃપાપરાયણુ અર્હતોએ દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારનો કહેલો છે.'

दानं च शीलं च तपश्चभावो,
धर्मश्चतुर्धा जिनबान्धवेन ।
निरूपितो यो जगतां हिताय,
स मानसे मे रमतामजस्रम् ॥

'જિનબાંધવ શ્રી તીર્થંકરદેવે જગતના હિતાર્થે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ ઉપદેશ્યો છે, તે મારાં મનમાં નિરંતર વાસ કરો.'

તાત્પર્ય કે જે જિનો–અર્હતો–તીર્થંકરો થઈ ગયા તે

બધાએ ધર્મનું સામાન્ય સ્વરૂપ દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારનું વર્ણવ્યું છે. તેમાં દાન શબ્દથી અભય-દાન (અહિંસા), જ્ઞાનદાન, ઉપષ્ટંભદાન (સુપાત્ર દાન) અને અનુકંપાદાનનો ઉપદેશ આપ્યો છે; શીલ શબ્દથી વિરતિ, વ્રત, નિયમ, પ્રત્યાખ્યાન કે સંયમની દેશના દીધી છે; તપ શબ્દથી શરીર, મન અને આત્માની શુદ્ધિ કરનારી વિવિધ ક્રિયાઓનું વિધાન કર્યું છે; અને ભાવ શબ્દથી મનનાં પરિણામો ચડતા રાખવાનો અનુરોધ કર્યો છે, એટલે ધર્મનાં મુખ્ય અંગોમાં તપને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયેલું છે.

મોક્ષમાર્ગનું નિરૂપણ કરતી વખતે પણ જૈન મહર્ષિ-ઓએ તપનો ખાસ નિર્દેશ કર્યો છે. જેમકેઃ—

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
एयमग्गमणुपत्ता, जीवा गच्छन्ति सोग्गइं ॥

'જ્ઞાન તથા દર્શન તથા ચારિત્ર તથા તપ એ માર્ગને પ્રાપ્ત થયેલા જીવો મોક્ષમાં જાય છે.'

આ કથનનું તાત્પર્ય એ છે કે સહુથી પ્રથમ મુમુક્ષુને જીવાજીવાદિ તત્ત્વોનું જ્ઞાન જોઈએ. પછી તે તત્ત્વો પર પૂર્ણ શ્રદ્ધા જોઈએ. ઉપરાંત ચારિત્ર એટલે વીતરાગતા કેળ-વવાનો પ્રયાસ–પ્રયત્ન–પુરુષાર્થ જોઈએ અને છેવટે ઇચ્છા નિરોધરૂપ તપ પણ જોઈએ. તો જ એ મુમુક્ષુ મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે.

અહીં કોઈને એવો પ્રશ્ન થાય કે 'શ્રી તત્ત્વાર્થ-સૂત્રમાં પ્રથમ સમ્યગ્દર્શન અને પછી સમ્યગ્જ્ઞાન એવો

ક્રમ જોવામાં આવે છે અને અહીં પ્રથમ જ્ઞાન અને પછી દર્શન એવો ક્રમ જોવામાં આવે છે, તેનું કારણ શું ?' એટલે તેનું સમાધાન કરીશું.

'શાસ્ત્રવચનો સાપેક્ષ હોય છે, એટલે અમુક અપેક્ષાએ કહેવાયેલા હોય છે, તે સુજ્ઞ પાઠકો જાણતા જ હશે. આ અપેક્ષા બરાબર ધ્યાનમાં આવે તો તેમાં કોઇ વિસંવાદ જણાતો નથી, અન્યથા મન ચકડોળે ચડે છે અને ગમે તેવા તર્કો ઉઠે છે. 'મુંબઈ અને અમદાવાદ' તથા 'અમદાવાદ અને મુંબઈ' એ બન્ને વાક્યમાં શહેરોનું નિરૂપણ સમાન છે, છતાં બોલનારની અપેક્ષાએ તેના ક્રમમાં ફેર જણાય છે. મુંબઈવાસી પહેલું પોતાનાં શહેરનું નામ બોલે છે અને પછી અમદાવાદનું નામ બોલે છે અને અમદાવાદવાસી પહેલું પોતાનાં શહેરનું નામ બોલે છે અને પછી મુંબઈનું નામ બોલે છે. આવો જ તફાવત અહીં સમજવાનો છે.

ઉત્તરોત્તર શુદ્ધ સાધનનું નિરૂપણ કરનાર દૃષ્ટિ એમ કહે છે કે 'ादंसणिस्स नाणं' જેને સમ્યગ્ દર્શન પ્રાપ્ત થયું નથી, તેને સમ્યગ્ જ્ઞાન સંભવતું નથી, એટલે પ્રથમ સમ્યગ્ દર્શન અને પછી સમ્યગ્ જ્ઞાન એ ક્રમ ઉચિત છે. ત્યારે આચારપ્રધાન દૃષ્ટિ એમ કહે છે કે ઘણાખરાને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ અધિગમથી એટલે જીવાજીવાદિ તત્ત્વોનો બોધ પ્રાપ્ત કર્યા પછી જ થાય છે, તેથી પ્રથમ જ્ઞાન અને પછી દર્શન એ ક્રમ વ્યાજબી છે,× પંચાચારનું

ચિંતન કરવા માટે જે ગાથાઓ પ્રસિદ્ધ છે, તેમાં આ છેલ્લો ક્રમ જોવામાં આવે છે. જેમકેઃ—

नाणम्मि दंसणम्मि, चरणम्मि तवम्मि तहय वीरियम्मि ।
आयरणं आयारो, इय एसो पंचहा भणिओ ॥

'જ્ઞાનના વિષયમાં, દર્શનના વિષયમાં, ચારિત્રના વિષયમાં, તપના વિષયમાં તથા વીર્ય (પુરુષાર્થ)ના વિષયમાં જે આચરણ કરવું તે આચાર કહેવાય છે. આ આચાર અહીં પાંચ પ્રકારનો કહેલો છે.'

તાત્પર્ય કે આ વિધાનોમાં અપેક્ષાભેદ છે, પણ તાત્ત્વિક ભેદ નથી.

અહીં બીજો એવો પ્રશ્ન પૂછાવાનો સંભવ છે કે 'તપ એ મોક્ષની પ્રાપ્તિનું મુખ્ય સાધન હોય તો શ્રી તત્ત્વાર્થકારે તેનો સ્પષ્ટ નિર્દેશ ન કરતાં '**सम्यग्दशन-ज्ञानचारित्राणि मोक्षमार्गः ।**' એવું સૂત્ર કેમ કહ્યું?' આ પ્રશ્નનું સમાધાન એ છે કે 'શ્રી ઉમાસ્વાતિ મહારાજને તત્ત્વનો સંગ્રહ બને તેટલો સંક્ષેપમાં કરવો હતો, એટલે તેમણે તપને ચારિત્રનો જ એક ભાગ માની જૂદો નિર્દેશ ન કર્યો, પણ તેનો અર્થ એ નથી કે તેઓ મોક્ષની સાધના માટે તપને જરાયે ઓછું મહત્ત્વનું સમજ્યા હતા. '**तपसा निर्जरा च**' એ સૂત્ર વડે તેમણે તપની કર્મવિનાશક શક્તિનો

× નીચેનો દુહો ક્રિયામાર્ગમાં પ્રચલિત છેઃ—

શ્રદ્ધા મૂલ કિરિયા કહી, તેહનું મૂલ તે જ્ઞાન;
તેથી શિવસુખ બહુ જના, પામ્યા ધરી એક તાન.

નિર્દેશ કર્યો છે અને '**कृत्स्नकर्मक्षय मोक्षः**' એ સૂત્રથી તેમણે કર્મનાશને જ મોક્ષ કહી તપની મોક્ષસાધકતા જાળવી રાખી છે.

થોડાં ઉદાહરણોથી આ વસ્તુ વધારે સ્પષ્ટ કરીએ. શાસ્ત્રોમાં એવું વચન આવે છે કે '**सद्दहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं**—શ્રદ્ધાવાળો જીવ અજરામર સ્થાનમાં જાય છે.' આનો અર્થ કોઈ એમ કરે કે અજરામર સ્થાનની પ્રાપ્તિ માટે માત્ર શ્રદ્ધાની જ જરૂર છે, તો તે બરાબર નથી; કારણ કે અજરામર સ્થાનની પ્રાપ્તિ માટે શ્રદ્ધા ઉપરાંત બીજાં સાધનોની પણ જરૂર રહે છે, પરંતુ સમ્યગ્દર્શનથી જ સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિથી જ સમ્યક્ ચારિત્રની પ્રાપ્તિ થાય છે, એટલે પ્રથમ પગથિયાનું મહત્ત્વ દર્શાવવા માટે જ અહીં 'શ્રદ્ધાવાળો જીવ અજરામર સ્થાનને પામે છે' એમ કહેવાયું છે.

શાસ્ત્રોમાં એવું વચન પણ આવે છે કે '**नाण-किरियाहिं मोक्खो**—જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે.' આનો અર્થ કોઈ એમ કરે કે મોક્ષ માટે માત્ર જ્ઞાન અને ક્રિયાની જ જરૂર છે, તેમાં સમ્યગ્દર્શન અપેક્ષિત નથી, તો તે બરાબર નથી. સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે, એ વાત લક્ષમાં રાખીને અહીં જ્ઞાન અને ક્રિયા એ બે વસ્તુનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તે જ રીતે ઉમાસ્વાતિ મહારાજે તપનો વિશિષ્ટ નિર્દેશ ન કરતાં

તેને ચારિત્રની અંતર્ગત માનીને મોક્ષનાં ત્રણ સાધનોનું નિરૂપણ કરેલું છે, એટલે તેમાં વિસંવાદ સમજવો નહિ.'

જૈન ધર્મમાં નવપદજીની આરાધનાને ખૂબ મહત્ત્વ અપાયેલું છે અને તે માટે ચૈત્ર અને આસો માસમાં નવ નવ દિવસની ખાસ ઓળીઓ નિયત થયેલી છે. આ નવપદમાં નીચેનાં નવપદોની ગણના થાય છેઃ (૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) આચાર્ય, (૪) ઉપાધ્યાય, (૫) સાધુ, (૬) દર્શન, (૭) જ્ઞાન, (૮) ચારિત્ર અને (૯) તપ. તાત્પર્ય કે નવ આરાધ્ય પદોમાં તપ વિશિષ્ટ સ્થાન પામેલું છે.

જૈન ધર્મ એમ માને છે કે જે આત્મા વીશ સ્થાનકો પૈકી એક યા વધારે સ્થાનકને બરાબર સ્પર્શે છે, તે તીર્થંકર ગોત્ર બાંધે છે અને ભવિષ્યમાં જરૂર તીર્થંકર થાય છે. આ વીશ સ્થાનકો કે પદોમાં પણ તપનાં દર્શન થાય છે. તે નીચે મુજબ :—

(૧) અરિહંતપદ	(૧૧) ચારિત્રપદ
(૨) સિદ્ધપદ	(૧૨) બ્રહ્મચર્યપદ
(૩) પ્રવચનપદ	(૧૩) ક્રિયાપદ
(૪) આચાર્યપદ	(૧૪) **તપપદ**
(૫) સ્થવિરપદ	(૧૫) ગૌતમપદ (ગણધરપદ)
(૬) ઉપાધ્યાયપદ	(૧૬) જિનપદ
(૭) સાધુપદ	(૧૭) સંયમપદ
(૮) જ્ઞાનપદ	(૧૮) અભિનવ જ્ઞાનપદ
(૯) દર્શનપદ	(૧૯) શ્રુતપદ
(૧૦) વિનયપદ	(૨૦) તીર્થપદ

ઉપરાંત દરેક પર્વની ઉજવણી તપ દ્વારા જ કરવામાં આવે છે, તેથી એ વાત નિશ્ચિત છે કે જૈન ધર્મમાં તપને અતિ મહત્ત્વનું સ્થાન અપાયેલું છે.

૧૧-ગૃહસ્થો માટે તપનું વિધાન

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે—

कर्तव्या देवपूजा शुभगुरुवचनं, नित्यमाकर्णनीयं,
दानं देयं सुपात्रे प्रतिदिनममलं, पालनीयं च शीलम्।
तप्यं शुद्धं स्वशक्त्या तप इह महती भावना भावनीया,
श्राद्धानामेव धर्मो जिनपतिगदितः पूतनिर्वाणमार्गः ॥

'પ્રતિદિન વીતરાગદેવની પૂજા કરવી, સદ્‌ગુરુનાં વચન સાંભળવાં, સુપાત્રને દાન દેવું, નિર્મલ શીલનું પાલન કરવું, શક્તિ પ્રમાણે શુદ્ધ તપનું આચરણ કરવું અને ઉદાત્ત ભાવનાઓ ભાવવી, એ જિનેશ્વરોએ પવિત્ર નિર્વાણના માર્ગ તરીકે કહેલો ગૃહસ્થધર્મ છે.'

त्रैकाल्यं जिनपूजनं प्रतिदिनं सङ्घस्य सन्माननं,
स्वाध्यायो गुरुसेवनं च विधिना दानं तथाऽऽवश्यकम्।
शक्त्या च व्रतपालनं वरतपो ज्ञानस्य पाठस्तथा,
सैष श्रावकपुङ्गवस्य कथितो धर्मो जिनेन्द्रागमे ॥

'પ્રતિદિન જિનેશ્વર ભગવાનની સવાર, બપોર અને સાંજ પૂજા કરવી; સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘનું સન્માન કરવું; સ્વાધ્યાય કરવો; વિધિપૂર્વક ગુરુનું સેવન કરવું; બને તેટલું દાન દેવું; આવશ્યકક્રિયા કરવી; શક્તિ પ્રમાણે વ્રતોનું પાલન કરવું; શ્રેષ્ઠ તપનું આચરણ

કરવું અને ભાવશુદ્ધિ થાય તેવા શાસ્ત્રપાઠોનું સ્મરણ કરવું એ જિનાગમોમાં કહેલો શ્રાવકનો ધર્મ છે.'

देवपूजा गुरुपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां, षट्कर्माणि दिने दिने ॥

'તીર્થંકરદેવની પૂજા કરવી, ગુરુની સેવા કરવી, સ્વાધ્યાય કરવો, સંયમ પાળવો, તપ કરવું અને દાન દેવું એ ગૃહસ્થોનાં છ નિત્યકર્મો છે.'

ગૃહસ્થનાં દૈનિક કૃત્ય પર આવીએ તો સવારમાં નમસ્કાર મહામંત્રના જપ-ધ્યાન પછી ધર્મજાગરિકા આવે છે ને ત્યાર પછી ષડાવશ્યકરૂપ રાત્રિક પ્રતિક્રમણ કરવાનું હોય છે. તેમાં તપચિંતામણીનો કાર્યોત્સર્ગ કરવાનો હોય છે. તે ન આવડે તો સોળ નવકાર (નમસ્કાર) ગણવાની પ્રવૃત્તિ છે, પણ ખરી રીતે ત્યાં તપનું ચિંતન કરવું જોઈએ. તે આ પ્રમાણે :

'શ્રી વીર ભગવાને છ માસનો તપ કર્યો હતો. હે ચેતન! તે તપ તું કરી શકીશ ? અહીં મનમાં ઉત્તર ચિંતવવો કે તેવી શક્તિ નથી અને પરિણામ નથી. પછી અનુક્રમે એક એક ઉપવાસ ઓછો કરીને વિચાર કરવો. એમ કરતાં પાંચ માસ સુધી આવવું. પછી એક એક માસ ઓછો કરીને વિચાર કરવો અને એક માસ સુધી આવવું. પછી એક દિન ઊણ માસખમણ, બે દિવસ ઊણ માસખમણ એમ તેર દિવસ ન્યૂન સુધી એટલે સત્તર ઉપવાસનો વિચાર કરવો. પછી 'હે ચેતન ! તું ચોત્રીસ ભક્ત

(સોળ ઉપવાસ કર) કર, બત્રીસ ભકત કર, ત્રીસ ભકત કર, એમ બબ્બે ભકત ઓછા કરતાં ચોથ ભકત એટલે એક ઉપવાસ સુધી આવવું. અને તેવી શકિત પણ ન હોય તો અનુક્રમે આયંબિલ, નિવ્વી, એગાસણુ, બિયાસણુ, અવડ્ઢ, પુરિમડ્ઢ સાડ્ઢપોરિસી, પોરિસી અને છેવટે નવકારશીપર્યંત વિચાર કરવો. તેમાં જ્યાં સુધી કરવાની શકિત હોય એટલે કે તપ કરી જોયો હોય ત્યારથી એમ વિચાર કરવો કે 'શક્તિ છે, પણ પરિણામ નથી,' પછી ત્યાંથી ઘટતાં ઘટતાં જે જે પચ્ચકખાણુ કરવું હોય ત્યાં આવીને અટકવું અને 'શક્તિ પણ છે અને પરિણામ પણ છે', આ પ્રમાણે વિચાર કરી મનમાં નિશ્ચય કરવો અને કાઉસ્સગ્ગ પારવો.'

જેઓ રાત્રિક પ્રતિક્રમણ કરી ન શકયા હોય તે ગુરુને વંદન કરતી વખતે તેમની પાસે યથાશક્તિ તપનું પચ્ચકખાણ લે અને કદાચ એ વખતે પણ ન લેવાયું તો તેમનું વ્યાખ્યાન સાંભળ્યા બાદ પચ્ચકખાણ લે. પરંતુ હમેશા કંઇ ને કંઈ તપ અવશ્ય કરે, એ મહર્ષિઓનો ઉપદેશ છે, તેથી જ તેને ગૃહસ્થનાં છ નિત્યકર્મમાં સ્થાન આપેલું છે. 'मन्नह जिणाणमाणं' એ શબ્દોથી શરુ થતા શ્રાવક–નિત્યકૃત્ય–સ્વાધ્યાયમાં સ્પષ્ટ કહ્યું છે કે 'पव्वेसु पोसहवयं दानं सीलं तवो अ भावो य–એટલે પર્વનો દિવસ હોય તો પોષધ વ્રત કરવું અને બાકીના બધા દિવસોમાં દાન, શીલ, તપ અને ભાવની આરાધના કરવી.'

૧૨–સાધુઓ માટે તપનું વિધાન

સાધુએ અહિંસા, સંયમ અને તપનું બને તેટલું

ઉત્કૃષ્ટ આરાધન કરવાનું છે, તેથી જ શ્રી દશવૈકાલિકસૂત્રના પ્રારંભમાં धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो' એ વચનો ઉચ્ચારાયેલાં છે. ચતુર્વિધ ધર્મમાં પણ તપનું વિધાન છે જ. વળી દરેક સાધુએ પંચાચારનું પાલન કરવાનું છે, તેમાં પણ તપને લગતો આચાર નિર્દિષ્ટ છે. ઉપરાંત દશ પ્રકારના યતિધર્મ કે શ્રમણધર્મમાં પણ તપનો સ્પષ્ટ ઉલ્લેખ છે, એટલે દરેક સાધુએ પોતાથી બને તેટલું તપ કરવાનું છે.

સાધુઓને માટે શ્રમણ શબ્દનો વ્યવહાર થાય છે. આ શ્રમણ શબ્દની એક વ્યુત્પત્તિ એવી છે કે 'श्राम्यतीति —श्रमण:' જે તપ કરે તે શ્રમણ કહેવાય.' શ્રમણ ભગવાન મહાવીરે સાધનાકાલમાં ઘણું તપ કર્યું હતું.×

× શ્રી મહાવીર સ્વામીનો સાધનાકાલ ૪૫૧૫ દિવસનો એટલે ૧૨ વર્ષ, ૬ માસ અને ૧૫ દિવસનો ગણાય છે. એટલા દિવસમાં પારણાનાં દિવસો તો માત્ર ૩૪૯ જ હતા અને બાકીના બધા દિવસો ઉપવાસના હતા. તે નીચે મુજબ :—

તપ	દિવસ
છ માસી એક	૬ × ૩૦ × ૧ = ૧૮૦
છ માસી એક (ઊણા પાંચ દિવસની)	૬ × ૩૦ − ૫ = ૧૭૫
ચોમાસી નવ	૪ × ૩૦ × ૯ = ૧૦૮૦
ત્રણમાસી બે	૩ × ૩૦ × ૨ = ૧૮૦
અઢી માસી બે	૨॥ × ૩૦ × ૨ = ૧૫૦

તેના લીધે જ તેઓ માત્ર સાડા બાર વર્ષ જેટલા સમયમાં પોતાનાં અતિ ભારે કર્મો ખપાવી શકયા હતા. એટલે દરેક શ્રમણને માટે–સાધુને માટે તપની આરાધના અવશ્યકરણીય છે.

૧૩–તપ કોને કહેવાય ?

તપની વ્યાખ્યા જૂદા જૂદા ધર્મોમાં જૂદી જૂદી રીતે કરવામાં આવી છે. કોઈએ અમૂક વ્રતને જ તપ માન્યું છે; કોઈએ વનવાસ, કંદમૂળભક્ષણ કે સૂર્યની આતાપનાને જ તપ ગણ્યું છે; તો કોઈએ કેવળ દેહ અને ઇંદ્રિયોનાં દમનથી જ તપની પૂર્ણતા સ્વીકારી છે. પરંતુ જૈન મહર્ષિઓએ તેની વ્યાખ્યા આ પ્રમાણે કરી છેઃ—

બેમાસી છ	૨ × ૩૦ × ૬ =	૩૬૦
દોઢમાસી બે	૧॥ × ૩૦ × ૨ =	૯૦
માસક્ષમણ બાર	૧ × ૩૦ × ૧૨ =	૩૬૦
પક્ષક્ષમણ બોંતેર	૦॥ × ૩૦ × ૭૨ =	૧૦૮૦
સર્વતોભદ્રપ્રતિમા એક	=	૧૦
મહાભદ્રપ્રતિમા એક	=	૪
અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) બાર	૩ × ૧૨ =	૩૬
છઠ્ઠ (બે ઉપવાસ) બસો ઓગણત્રીસ	૨ × ૨૨૯ =	૪૫૮
ભદ્રપ્રતિમા	=	૨
એક ઉપવાસ	=	૧
પારણાનાં દિવસો	=	૩૪૯
		૪૫૧૫

રામતીર્થ બ્રાહ્મી તેલ

[સ્પેશીઅલ નં. ૧]

રજીસ્ટર્ડ

વાળ વધારવા, મગજ શાંત રાખવા, યાદશક્તિ સારી કરવા, શાંત નિદ્રા માટે, શરીરને માલીસ કરી સ્ફૂર્તિમાં લાવવા માટે દરેક ઋતુમાં દરેકને માટે ઉપયોગી છે. કિંમત મોટી બાટલીના રૂા. ૪-૦૦, નાની બાટલીના રૂા. ૨-૦૦

શરીર નીરોગી રાખવા માટે આકર્ષક યોગાસન ચિત્રપટ અમારે ત્યાંથી મંગાવશો. કિંમત પોસ્ટેજ સાથે રૂા. ૨-૫૦

શ્રી રામતીર્થ યોગાશ્રમ

દાદર, સેન્ટ્રલ રેલ્વે,

મુંબઈ-૧૪

જોખમ ભલેને ગમે તેવું હોય...

ન્યૂ ઇન્ડિયા

તમને તેની સામે રક્ષણ આપે છે!

દુનિયાભરમાં ૪૬ દેશોમાં કામ કરી રહેલી ભારતીય વિમા ક્ષેત્રની આગેવાન ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની ઉપર તમારા **બધા** જનરલ વિમાનાં કામકાજ માટે આધાર રાખો. દરિયાઈ અને આગના વિમાથી માંડીને અકસ્માત કે ચોરીના દરેક પ્રકારના જોખમ સામે અમે તમારૂં રક્ષણ કરીએ છીએ. દાવાની ઝડપી પતાવટ, દોરવણી અને મદદ તેમજ સલામતી અને સેવાની અમે ખાત્રી આપીએ છીએ!

ન્યૂ ઇન્ડિયામાં વિમો ઉતરાવો!

ધી ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ

કંપની લીમીટેડ

15, મહાત્મા ગાંધી રોડ, મુંબઈ



रसरुधिरमांसमेदोऽस्थिमज्जशुक्राण्यनेन तप्यन्ते ।
कर्माणि चाशुभानीत्यतस्तपो नाम नैरूक्तम् ॥

'જેનાથી રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એ શરીરની સાતે ધાતુઓ તથા અશુભ કર્મો તપે તે તપ જાણવું.' તાત્પર્ય કે જેના વડે શરીર અને મનની શુદ્ધિ થાય તેને તપ સમજવું.

આ વ્યાખ્યા પ્રમાણે કોરું દેહદમન એ તપ નથી અને માત્ર માનસિક તિતિક્ષા એ પણ તપ નથી. તેમાં દેહ અને મન ઉભયની શુદ્ધિ કરનારાં તત્ત્વો જોઈએ. જૈન તપની પ્રણાલિકા આ બંને પ્રકારની શુદ્ધિ પર રચાયેલી છે, તે તપના પ્રકારો જોવાથી બરાબર સમજી શકાશે.

૧૪—તપના પ્રકારો

તપ મુખ્યત્વે બે પ્રકારનું છેઃ બાહ્ય અને અભ્યંતર. તેમાં બાહ્ય તપના છ પ્રકારો છે: (૧) અનશન, (૨) (૨) ઊનોદરિકા, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયકલેશ અને (૬) સંલીનતા. તેમજ અભ્યંતર તપના પણ તેટલા જ પ્રકારો છે: (૧) પ્રાયશ્ચિત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ય, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) વ્યુત્સર્ગ.

આ બાર પ્રકારનો અહીં સંક્ષિપ્ત પરિચય આપીશું.

(૧) **અનસન-ઉપવાસ**—જીવનો આહાર કરવાનો અનાદિ કાળનો જે સ્વભાવ છે, તેના ઉપર આ તપથી ઘણો કાબૂ મેળવી શકાય છે. વૈદ્યકશાસ્ત્રે પણ તેની ઉપયોગિતા સ્વીકારી છે અને નિસર્ગોપચારવાળાઓએ તેના પર ગ્રંથના

ગ્રંથો લખ્યા છે. તેમાં ઉપવાસથી થતા લાભો પર ઘણો પ્રકાશ પાડવામાં આવ્યો છે.

(૨) **ઊનોદરિકા**—ઉદરને અર્થાત્ પેટને થોડું ઊન એટલે ઊણું રાખવું; અર્થાત્ પ્રમાણ કરતાં થોડો ઓછો ખોરાક લેવો તેને ઊનોદરિકા કહેવામાં આવે છે. ઠાંસીને જમવાથી મગજ પર લોહીનું દબાણ વિશેષ થાય છે. પરિણામે સ્ફૂર્તિ ઓછી થઈ જાય છે તથા આળસ અને ઊંઘ આવવા માંડે છે. વળી ઠાંસીને જમવાથી શરીરમાં મેદનું પ્રમાણ વધે છે અને રાત્રે સ્વપ્નદોષ પણ થાય છે. બ્રહ્મચર્યની આઠમી વાડમાં 'अतिमात्राऽऽभोगः—પ્રમાણથી અધિક આહાર કરવો નહિ' એમ જે કહેવાયું છે, તેનું મુખ્ય કારણ આ જ છે. જેણે બ્રહ્મચર્યનું શુદ્ધ પાલન કરવું હોય તેણે પરિમિત આહાર જ કરવો જોઈએ. આ તપથી મન પર કાબૂ આવતો જાય છે.

(૩) **વૃત્તિસંક્ષેપ**—ભોજન અને જળ વડે જીવતા રહી શકાય છે, એટલે તેને વૃત્તિ કહેવામાં આવે છે. આ વૃત્તિનો સંક્ષેપ કરવો એ વૃત્તિસંક્ષેપ નામનું તપ છે. તેનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સંક્ષેપ કરતાં ઉગ્ર તિતિક્ષા થાય છે. જેમ કે અમુક જાતની ભિક્ષા મળે તો જ લેવી એ દ્રવ્યસંક્ષેપ. એક, બે કે અમુક ઘરમાંથી ભિક્ષા મળે તો જ લેવી એ ક્ષેત્રસંક્ષેપ. દિવસના પ્રથમ પ્રહરમાં કે મધ્યાહ્ન પછી જ ભિક્ષા લેવા જવું એ કાલ-સંક્ષેપ. સાધુઓને મધ્યાહ્ને જ ગોચરી કરવાની છે, એ

Elegance in Velvet

Rich, smooth, feminine velvet. Such luxury near you. Cholis in 'ASHOK' velvet will bring you many pretty compliments.

Ashok

ASHOK VELVET MANUFACTURING CO. PRIVATE LTD.

FABRICS

Selling Agents: **Messrs. V. Chatrabhuj & Co. Private Ltd.**

M. J. Market, Bombay 2.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

શ્રી શ્રાવકશ્રાવિકાક્ષેત્ર ઉત્કર્ષ–મુંબાઈ સમિતિ સંચાલિત

ઉદ્યોગગૃહ

સાધાર્મિકવાત્સલ્ય, જાતમહેનત અને ગૃહઉદ્યોગને ઉત્તેજન આપી રહ્યું છે.

તેની એકવાર અવશ્ય મુલાકાત લેવા વિનંતિ છે.

ટે. નં. ૭૪૮૩૬

—ઉદ્યોગગૃહમાં ચાલતા પરિશ્રમાલય અને શિક્ષણવિભાગમાં ૫૫૦ થી ૬૦૦ જેટલાં ભાઈ–બહેનો લાભ લઈ રહ્યાં છે.

—ઉત્પાદન વિભાગમાં દરેક વસ્તુ પૂરી કાળજીથી સફાઇબંધ બનાવવામાં આવે છે અને તે વેચાણવિભાગની દુકાનમાંથી મળી રહે છે.

—ટેલીફોનથી ઓર્ડરો નોંધી લેવાની તથા માલ ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

—ખાખરા, પાપડ, ચાહ–દૂધના મશાલા, અથાણાના મશાલા, ચૂર્ણો, સરબત વગેરે અનેક વસ્તુઓ તૈયાર થાય છે.

—સીલાઇ વિભાગમાં સ્ત્રી–પુરુષોને મનપસંદ કપડાં સીવી આપવામાં આવે છે.

—ઉપરાંત ટાઇપરાઇટીંગ, શોર્ટહેન્ડ, કોરસપોન્ડન્સ, એકાઉન્ટસી તથા પાકા નામાનાં વર્ગો ચાલે છે.

એટલે આ ઉદ્યોગમંદિર

આપની અનેકવિધ ઘરગથ્થુ વસ્તુઓની જરૂરીઆતો પૂરી પાડી શકે તેમ છે.

૧૦૯–૧૧૭, સી. પી. ટેન્ક રોડ, માધવબાગ પાસે,

મુંબઈ. નં. ૪

અપેક્ષાએ પ્રથમ પ્રહરની તથા પછીના પ્રહરની ગોચરીને વૃત્તિસંક્ષેપમાં ગણી છે. અને અમુક સ્થિતિમાં **રહેલી** વ્યક્તિ જ ભિક્ષા આપે તો લેવી એ ભાવસંક્ષેપ. શ્રી મહાવીર સ્વામીએ આ ચારે પ્રકારનો સંક્ષેપ કરતાં દશ બોલથી અભિગ્રહ થયો હતો અને તે પાંચ માસ અને પચીસ દિવસ પછી ચંદનબાળાદ્વારા પૂરો થયો હતો. ગૃહસ્થોને આ તપ અભિગ્રહરૂપ હોય છે.

(૪) **રસત્યાગ**—દૂધ, દહીં, ઘી, તેલ (સાકર) અને પકવાન્ન એ છ રસ કે વિકૃતિનો યથાશકિત ત્યાગ કરવો. મધ, મદિરા, માંસ અને માખણ એ મહાવિકૃતિ કહેવાય છે અને તે મુમુક્ષુઓને માટે સર્વથા અભક્ષ્ય છે. બાવીશ અભક્ષ્યમાં તેની ગણના કરવામાં આવી છે. એકાશનપૂર્વક રસનો ત્યાગ કરવો, તેને આયંબિલ કહેવાય છે. તેનો મહિમા જિનશાસનમાં ઘણો છે.

(૫) **કાયક્લેશ**—સંયમનિમિત્તે કાયાને પડતું કષ્ટ સહન કરી લેવું. એમાં વીરાસનાદિ આસને લાંબા સમય સુધી બેસી રહેવું, એ કાયક્લેશ નામનું તપ છે.

(૬) **સંલીનતા**–સંલીનતા એટલે સંગોપન. તે ઇંદ્રિય, કષાય અને યોગને અંગે સમજવી. તાત્પર્ય કે ઇંદ્રિયોનું સંગોપન કરવું—તેને કાબૂમાં રાખવી, કષાયનાં કારણો ઉપસ્થિત થવા છતાં કષાય ન થવા દેવો તથા મન, વચન, કાયાની બને તેટલી ઓછી પ્રવૃત્તિ કરવી. સ્ત્રી, પશુ અને નપુંસકના વાસથી રહિત એવા એકાંત વિશુદ્ધ સ્થાનમાં રહેવું, એને પણ જૈન મહર્ષિઓએ સંલીનતા કહેલી છે.

(૧) **પ્રાયશ્ચિત**—પોતાની ભૂલોનો ગુરુ આગળ આળભાવે એકરાર કરવો અને તેની શુદ્ધિ માટે તેઓ જે તપ કરવાનું ફરમાવે તે ખેદ પામ્યા વિના કરવું, એ પ્રાયશ્ચિત નામનું અભ્યંતર તપ છે.

(૨) **વિનય**—મોક્ષનાં સાધનો પ્રત્યે અંતરનું બહુમાન રાખવું અને તેના અંગે શિષ્ટાચારનું પાલન કરવું તથા તેમના પ્રત્યેની આશાતનાને વર્જવી એ વિનય નામનું અભ્યંતર તપ છે. તેના દર્શનવિનય, જ્ઞાનવિનય, ચારિત્રવિનય, તપવિનય અને ઔપચારિક વિનય એવા પાંચ પ્રકારો પ્રસિદ્ધ છે.

(૩) **વૈયાવૃત્ત્ય**—આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, ગ્લાન (માંદા કે અશકત) શૈક્ષ (નવદીક્ષિત), કુલ, ગણ, સંઘ અને સાધર્મિક એ દશની નિરાશંસ ભાવે અને કર્મક્ષયના હેતુથી સેવાશુશ્રૂષા કરવી એ વૈયાવૃત્ત્ય નામનું અભ્યંતર તપ છે. નંદિષેણ મુનિની કથામાં તેનો કેટલોક પરિચય આવી ગયો છે.

(૪) **સ્વાધ્યાય**—આધ્યાત્મિક પ્રગતિ થાય તેવા સૂત્ર-સિદ્ધાંત કે ગ્રંથોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું તે સ્વાધ્યાય નામનું અભ્યંતર તપ છે. તેના વાચના-પાઠ લેવો, પૃચ્છના-પ્રશ્ન કરવો, પરાવર્તના-આવૃત્તિ કરવી, અનુપ્રેક્ષા-તત્ત્વચિંતન કરવું અને ધર્મકથા-વિનિમય કરવો એ પાંચ ભેદો પ્રસિદ્ધ છે. મંત્રજપ પણ એક પ્રકારનો સ્વાધ્યાય છે.

શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ-પાલીતાણા

ગુરુકુળના બાળકોને યાદ કરશો.

આ ગુરુકુળ ૪૬ વર્ષથી તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની શીતલ છાંયડીમાં જૈન બાળકોને શિક્ષણ, સંસ્કાર અને ધર્મભાવના આપી રહેલ છે. ઉપરાંત સંગીત, વ્યાયામ વગેરેની તાલીમ આપે છે.

સમાજના બાળકોને વાણિજ્ય-વ્યાપારનું વ્યવસ્થિત જ્ઞાન મળે તે માટે પંદર વર્ષથી કોમર્સ હાઈસ્કૂલ ચલાવે છે. તેમાંથી છેલ્લા તેર વર્ષમાં ૨૨૫ ઉપરાંત વિદ્યાર્થીઓ કોમર્સ મેટ્રીક સુધી અભ્યાસ કરી વ્યાપારી બજારોમાં ગોઠવાયા છે.

ગુરુકુળની સ્ટેશન સામેની નવી જમીન ઉપર કોમર્સિયલ હાઈસ્કૂલ, મીડલસ્કૂલ અને વિદ્યાર્થી-નિવાસગૃહનું નવું વિશાળ ભવ્ય મકાન રૂપિયા બે લાખનાં ખર્ચે તૈયાર થયું છે. આ નૂતન મકાનની બે વીન્ગોને ભાગ્યશાળી દાનવીરોનાં નામ અપાયાં છે. સેન્ટ્રલ હોલ તથા પુસ્તકાલય અને વાંચનાલય પણ નોંધાઈ ગયા છે. ખૂટતાં એક લાખની રકમ માટે ઉપરના સોળ ઓરડાઓ પૈકી દરેકના રૂ. ૫૦૦૦) પાંચ હજારની મદદ મેળવવાની આશા છે, તેમાં છ ઓરડાઓ લખાયા છે. સિદ્ધાચલજીમાં આપ્તજનોનું ચિરસ્મારક રાખવા એક એક ઓરડો નોંધાવી આમારી ભીડ ભાંગવા સમાજના દાનવીરોને અમારી નમ્ર વિનંતિ છે.

સંસ્થાના વિકાસમાં ફુલ નહિ તો ફુલની પાંખડી આપી આભારી કરશો.

હેડ ઓફિસ—	**મગનલાલ મુળચંદ શાહ**	**ચંદુલાલ વર્ધમાન**
ગુલાલવાડીનાકા	પ્રમુખ	**શાહ**
ગોડીજી બીલ્ડીંગ,	**ડાહ્યાભાઈ હીરાચંદ શ્રૉફ**	**મનુભાઈ ગુલાબચંદ**
પહેલે માળે	ઉપપ્રમુખ	**કાપડીઆ**
મુંબઇ ૨.		**અમરચંદ હુકમચંદ**
		માનદ મંત્રીઓ.

વિશ્વવંદ્ય પ્રભુ મહાવીરનો મહામંત્ર અહિંસા
ભારતને ખૂણે ખૂણે અને અન્ય દેશોમાં

અહિંસાપ્રચાર અને અભયદાનના

વ્યાપક કાર્યો કરતી

મુંબઈની શ્રી જીવદયામંડળીને સહાય કરી

— અભયદાનનું પુન્ય મેળવો. —

રૂા. ૧૦૦૧), રૂા. ૫૦૧ કે ૨૫૧) સ્થાયી ફંડમાં આપી
અનુક્રમે મંડળીના પેટ્રન, ડોનર કે લાઈફ મેમ્બર બનો.

— ઐચ્છિક મદદો મોકલી સહાય કરો. —

મદદ મોકલવાનું ઠેકાણું :—
માનદ મંત્રીઓ

મુંબઈની શ્રી જીવદયામંડળી.

૧૪૯, શરાફ બજાર, મુંબઈ-૨

ત્રિવિધ સેવા

લેખન : જીવનચરિત્રો, નિબંધો, લેખો, વિવેચનો, કથાઓ તૈયાર કરી આપવામાં આવે છે.

મુદ્રણ : અમારી દેખરેખ નીચે પુસ્તકો સુંદર રીતે છપાવી આપીએ છીએ. તેને લગતાં ચિત્રો, બ્લોકો પણ તૈયાર કરી આપીએ છીએ.

પ્રકાશન : અમારી મારફત છૂટક પુસ્તકો તથા ગ્રંથમાલા રૂપે પુસ્તકો પ્રકટ કરાવવા હોય તે પણ કરી આપવામાં આવે છે.

વિશેષ જાણવા પત્રવ્યવહાર કરો—

જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર

લવાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯

(૫) **ધ્યાન**—મનની એકાગ્રતાને ધ્યાન કહેવામાં આવે છે. તે શુભ અધ્યવસાયપૂર્વક હોય તો તેનો સમાવેશ અભ્યંતર તપમાં થાય છે. તેના ધર્મધ્યાન અને શુકલ-ધ્યાન એવા બે ભેદો પ્રસિદ્ધ છે. એ દરેક ધ્યાનના પણ ચાર પ્રકારો છે, તેનો કેટલોક પરિચય યોગાભ્યાસ નામના આગામી નિબંધથી મળી રહેશે. જૈન મહર્ષિઓ કહે છે કે આ તપ કર્મરૂપી વનને બાળી મૂકવા માટે દાવાનળ જેવું છે, એટલે તેનો આશ્રય લેવાથી ઉગ્રમાં ઉગ્રકર્મો પણ થોડા વખતમાં નાશ પામે છે.

(૬) **વ્યુત્સર્ગ**—વ્યુત્સર્ગ એટલે ત્યાગ. તે દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનો છે. તેમાં દ્રવ્યવ્યુત્સર્ગના ચાર પ્રકારો છે: (૧) ગણવ્યુત્સર્ગ–લોકસમૂહનો ત્યાગ કરી એકાકી વિચરવું. (૨) શરીરવ્યુત્સર્ગ–શરીર પરની મમતા છોડી દેવી. (૩) ઉપધિવ્યુત્સર્ગ–વસ્ત્ર, પાત્ર વગેરે ઉપધિ ઉપરની મમતા છોડી દેવી. (૪) ભક્તપાનવ્યુત્સર્ગ–આહારપાણીનો ત્યાગ કરવો કે જેને સંથારો કર્યો કહેવાય છે. દ્રવ્યવ્યુત્સર્ગના ત્રણ પ્રકારો છે: (૧) કષાયવ્યુત્સર્ગ કષાયનો સંપૂર્ણ ત્યાગ કરવો. (૨) સંસારવ્યુત્સર્ગ–સંસારનો ત્યાગ કરવો. અને (૩) કર્મવ્યુત્સર્ગ એટલે આઠે પ્રકારનાં કર્મોનો ત્યાગ કરવો. આ તપમાં શરીરવ્યુત્સર્ગ એટલે કાયોત્સર્ગની ગણના વિશેષ થાય છે. તેમાં કાયાને એક આસનથી, વચનને મૌનથી અને મનને ધ્યાનથી નિયંત્રિત કરવાનું હોય છે.

જૈન મહર્ષિઓ કહે છે કે—

'શરૂઆતમાં કડવાં પણ પરિણામે સુંદર એવાં બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારનાં તપો હમેશા કરવાં, કારણ કે રસાયણ જેમ દુષ્ટ રોગોનો નાશ કરે છે, તેમ આ તપો કુકર્મના સમૂહનો નાશ કરે છે.'

૧૫-તપ કેવી રીતે કરવું ?

તપ કેવી રીતે કરવું? તે બાબતમાં જૈન મહર્ષિઓએ નીચેની સૂચનાઓ આપી છેઃ—

(૧) તપ પૂજા, પ્રસિદ્ધિ કે દુન્યવી લાભો માટે ન કરવું, પણ માત્ર કર્મક્ષયના હેતુથી જ કરવું, તપથી દુન્યવી લાભની ઈચ્છા કરવી એ રત્નને બદલે કોડી મેળવવા જેવો મૂર્ખાઈભરેલો વ્યવહાર છે.

(૨) તપ એવી રીતે કરવું કે જેથી કોઈ અંગમાં ખોડખાંપણ આવે નહિ. અંગમાં ખોડખાંપણ આવે તો નિત્યની ધર્મપ્રવૃત્તિઓ હણાય.

(૩) તપ એવી રીતે ન કરવું કે જેથી મન અમંગળનું ચિંતન કરવા લાગે, અર્થાત્ આર્તધ્યાન-રૌદ્ર ધ્યાનમાં ચડી જાય.

(૪) તપ આજીવિકાના હેતુથી પણ કરવું નહિ.

જેઓ તપની મહત્તા સમજીને તેનું યથાવિધ આરાધન કરશે; તેઓ સુખ અને શાંતિની અવશ્ય પ્રાપ્તિ કરશે તથા મહા મહેનતે મળેલા મનુષ્યભવને સફળ કરી શકશે.

इति शम् ।

ફોન નં. ૭૦૫૬૬ ગ્રામ : "Budbisurma" Bombay

અમારા માનવંતા કદરદાન ગ્રાહકોને

* સમયસરની સૂચના *

જુની અને જાણીતી બુઢીમાઈ સ્થાપિત ૧૦૦ વર્ષની પુરાણી પેઢી

મુંબઈ, ડુંગરી, પાલાગલીના જગપ્રસિદ્ધ

દાતુ મનજી પદમશી સુરમાવાલા

રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક

સુરમાઓ ખરીદતાં પહેલા માનવંતા ગ્રાહકોનું લક્ષ દોરીએ છીએ કે ભીંડીબજાર, મદનપુરા, શેખમેમન સ્ટ્રીટ, મુલજી જેઠા મારકીટ કે ઝવેરી બજારના લત્તામાં કોઈ પણ દુકાને અમારા સુરમાઓ વેચાતા મળતા નથી. નોંધી રાખશો કે અમારી જુની જાણીતી દુકાન ડુંગરી મધ્યે ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, પાલાગલી, મુંબઈ નં. ૯ એ ઠેકાણે આવેલ છે.

—: નકલી સુરમાઓથી સાવધાન રહો :—

— સમયસરની ચેતવણી —

૧ અમારી બાટલીઓની પેકીંગ 'ખોળ' તેમજ બેઉ બાજુ કાગળની રજીસ્ટર્ડ માર્કની સીલ તથા અમારૂં નામ જોઈ તપાસી ખાત્રી કરી લેવી.

૨ અમારા કોઈ કેન્વાસર કે એજન્ટ નથી. ફક્ત અમારી એક જ દુકાને નીચેનાં ઠેકાણે મળે છે.

૩ બહાર ગામના ઑર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

૪ ફોન નં. ૭૦૫૬૬ કરશો તો સુરમો ઘેરબેઠા પહોંચાડવામાં આવશે.

૫ ડોકટરની મફત સલાહ મેળવો.

સોમવારે પુરુષો માટે, ગુરુવારે સ્ત્રીઓ માટે સવારે ૧૦ થી ૧૧

—: અમારૂં એક જ ઠેકાણું :—

જગપ્રસિદ્ધ દાતુ મનજી પદમશી સુરમાવાલા

૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, ડુંગરી પાલાગલી, મુંબઈ નં. ૯

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

જૈન શિક્ષાવલી

બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

સંવત ૨૦૧૬ ના માહ સુદિ પૂનમે પ્રગટ થશે. અગાઉથી લવાજમ ભરનાર માટે સ્થાનિક રૂા. ૫-૦૦. બહારગામ માટે રૂા. ૬-૦૦. તમારું લવાજમ આજે જ મ. ઓ. થી મોકલી આપો.

પુસ્તકોનાં નામ

૧ સારું તે મારું
૨ જ્ઞાનજ્યોતિ
૩ દાનની દિશા
૪ કર્મસ્વરૂપ
૫ નયવિચાર
૬ સામાયિકની સુંદરતા
૭ મહામંત્ર નમસ્કાર
૮ કેટલાંક યંત્રો
૯ આયંબિલ રહસ્ય
૧૦ આહારશુદ્ધિ
૧૧ તીર્થયાત્રા
૧૨ સુધાબિન્દુ

★ જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર ★

લધાભાઇ ગુણપત બીલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ-૯

શ્રી નવપ્રભાત પ્રેસ—અમદાવાદ.